RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 159* Date: 07.04.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રોજે રોજ કેસોમાં વધારો થતાં સરકાર ચિંતિત,અમદાવાદ હોટસ્પોટ

## ગુજરાત પર સંકટના વાદળોઃ કોરોનાના વધુ ૧૪ કેસ પોઝિટિવ

*ગાંધીનગર,તા.૬*

દેશમાં મહારાષ્ટ્ર પછી બીજા નંબરે ગુજરાત રાજ્યમાં પણ સરકાર અને પ્રજા માટે ચિંતાજનક રીતે કોરોના પોઝિટિવ કેસના આંકડાઓ સતત વધી રહ્યાં છે. અત્યારસુધીમાં રાજ્યના ૧૫ જિલ્લાઓમાં કોરોનાનો ચેપ પ્રસરી ચૂક્યો છે. કોરોના કેસોની વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ મિડિયા બ્રિફિંગમાં જણાવ્યું છેકે, રાજ્યમાં વધુ ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. દિલ્હીના ધાર્મિક મકરઝથી આવેલા લઘુમતી સમાજના લોકોના વિસ્તારોમાં કેસ વધી રહ્યાં છે. હોટસ્પોટ કરાયેલા વિસ્તારોમાં કેસમાં વધારો થઇ રહ્યો છે. રાજ્યમાં ૧૪૪ કેસ થયા છે. અમદાવાદમાં ૧૧ નવા કેસ જ્યારે સુરત, મહેસાણા અને પાટણમાં એક-એક નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ ૧૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૧ દર્દીઓના મૃત્યુ થયા છે તો ૨૧ દર્દીઓ સાજા થઇ જતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્ય માટે એ બાબત પણ હવે ચિંતા ઉપજાવે તેવી છે કે રાજ્યમાં હવે લોકલ ટ્રાન્સમિશનના કેસ વધી રહ્યાં છે. કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી ૮૫ જેટલા કેસ લોકલ ટ્રાન્સમિશન છે. જેના કારણે રાજ્યના અનેક શહેરોમાં સાચવેતીના ભાગરૂપે સમગ્ર વિસ્તારને ક્વૉરન્ટીન કરવામાં આવી રહ્યું છે. મરકઝથી આવેલા લોકોના અને હોટસ્પોટ વિસ્તારોમાં કેસ વધ્યા હોવાનું કારણ પણ તેમણે જાહેર કર્યું હતું. રાજ્યમાં કુલ ૧૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૧ દર્દીઓના મૃત્યુ થયા છે તો ૨૧ દર્દીઓ સાજા થઇ જતા તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ચિંતા ઉપજાવે તેવી બાબત એ છે કે રાજ્યમાં હવે લોકલ ટ્રાન્સમિશનના કેસ વધી રહ્યાં છે. કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી ૮૫ જેટલા કેસ લોકલ ટ્રાન્સમિશન છે

આરોગ્ય સચિવનાં જણાવ્યાં મુજબ, ગત રોજથી ટોટલ ૩૬૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં પોઝિટવ ૨૨ છે આરોગ્ય સચીવે જણાવ્યં કે લોકલ ટ્રાન્સમિશનમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે.મુસ્લિમ વિસ્તારમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે



આરોગ્ય સચિવે વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, અમદાવાદમાં મુસ્લિમ સમાજના ગીચ વિસ્તારોમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. તેમણે મુસ્લિમ સમાજના આગેવાનો અને મૌલાનાઓને સમાજમાં જાગૃતતા માટે આગળ આવે તેવી વિનંતી કરી છે. આ લોકોમાં જાગૃતતા જરૂરી છે. આ સમાજના આગેવાનો-ધાર્મિક પદાધિકારીઓ મેસેજ ટાઇપ કરીને કે અન્ય માધ્યમથી તેમના સમાજને સંદેશો આપે કે લોકડાઉનું પાલન કરે અને જેઓ મરકઝમાં જઇને આવ્યાં છે તેઓ તબીબી તપાસ માટે આગળ આવે તે જરૂરી છે. જેથી બીજાને ચેપ ન લાગે. સરકારનો દાવો છે કે, તબ્લીગી સમાજના લોકોએ કોરોના અંગે કાળજી ન રાખતા મોટી મહામારી સર્જાઈ છે. દિલ્હી ખાતે યોજાયેલી તબ્લીગી જમાતની મરકજમાં ગયેલા લોકોમાં કોરોનાના લક્ષણો દેખાયા અને આવા લોકોએ કોરોના ફેલાવવામાં બેદરકારી દાખવી મહત્વનો ભાગ ભજવ્યો છે

સૌથી વધુ કેસ અમદાવાદમાં ૬૪ નોંધાયા હોવાનું કહીને તેમણે કહ્યું કે, રાજ્યના કુલ ૧૪૪ પોઝિટિવ કેસમાંથી સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. જિલ્લાવાર આંકડાઓ જોઈએ તો અમદાવાદમાં ૬૪ પોઝિટિવ અને ૫ના મોત, સુરતમાં ૧૭ પોઝિટિવ અને ૨ના મોત, ગાંધીનગરમાં ૧૩ પોઝિટિવ, ભાવનગરમાં ૧૩ પોઝિટિવ અને ૨ના મોત, વડોદરામાં ૧૦ પોઝિટિવ અને ૨ના મોત, રાજકોટમાં ૧૦ પોઝિટિવ કેસ, પોરબંદરમાં ૩ પોઝિટિવ, ગીર સોમનાથમાં ૨ પોઝિટિવ, કચ્છમાં ૨ પોઝિટિવ, મહેસાણામાં ૨ પોઝિટિવ, પાટણમાં ૨ પોઝિટિવ, પંચમહાલમાં એક પોઝિટિવ અને એકનું મોત, છોટાઉદેપુર અને જામનગરમાં ૧-૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

આજે નવા ૧૧ કેસો મળી અમદાવાદમાં સૌથી વધુ ૬૪ પોઝિટિવ કેસો, છસ્ઝ્રએ પોઝિટિવ દર્દીઓનું લિસ્ટ જારી કર્યું હતું. કોરોના વાઈરસનો કેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. કેસોમાં મોટા ઉછાળા આવી રહ્યા છે. આજે ૧૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં સૌથી વધુ ૬૪ કેસો અમદાવાદમાં નોંધાયા છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશન આજે સામે આવેલા ૧૧ દર્દીઓના નામ સરનામા સહિતની વિગતો જારી કરી હતી.

ઉલ્લેખનીય છેકે, કોઈ પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય તો જાતે જ હોમ ક્વોરન્ટીન થઈ શકે અને સરકારને જણાવી શકે. આ લિસ્ટ જાહેર કરવા પાછળનો હેતુ એ છે કે, જો તમે આમાંથી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય, તેની આસપાસ રહેતા હોય અથવા તમને કોઈ તકલીફ હોય તો તાત્કાલિક ૧૦૪ અને ૧૫૫૦૩ નંબર પર જાણ કરવી. આ ઉપરાંત તમે ૬૩૫૭૦૯૪૨૪૫ વોટ્સઅપ નંબર પર જાણ કરી શકો છો.

ટ્રાવેલ હિસ્ટ્રી અને મરકઝ કનેક્શનના કેસો વધારે હોવાનું કહીને તેમણે જણાવ્યું કે, આજે નોંધાયેલા ૧૧ પૈકી ૧૦ કેસોમાં દર્દીઓ રાજસ્થાનના ઝૂંઝનુ અને દિલ્હીની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ તબલીઘ જમાતના કનેક્શન ધરાવતા કેસો વધારે નોધાયા હોવાનું જણાવ્યું હતું.

### ૧૪૪૫ કેસો તબલીગી જમાત સાથે જોડાયેલા, ૨૯૫ લોકો સ્વસ્થ થયા

## ભારતમાં કોરોનાની સુનામીઃ ૨૪ કલાકમાં ૩૦ના મોત, મૃત્યુઆંક ૧૦૯

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૦૬૭ થઈ ગઈ છે. સોમવારે મહારાષ્ટ્રમાં ૩૩, ગુજરાતમાં ૧૬, આંધ્રપ્રદેશમાં ૧૪, રાજસ્થામાં ૮ અને ઝારખંડમાં ૧ નવો કેસ સામે આવ્યો છે. રવિવારે દેશમાં સૌથી વધારે ૬૦૫ કેસ સામે આવ્યા હતા. તેમજ આ વાયરસમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૨૯૫ છે.

સોમવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં કોરોના વાયરસના સંક્રમિતોની સંખ્યા વધીને ૪૦૬૭ પહોંચી છે. જ્યારે ૧૦૯ લોકોના મોત નિપજ્યા છે. તો ૨૪ કલાકમાં વધુ ૩૦ લોકોના મોત થતા હાહાકર મચ્યો છે. તો બીજી બાજુ રાહતના સમાચાર એ છે કે કોરોના વાયરસના સંક્રમિતોમાંથી ૨૯૫ લોકો સ્વસ્થ થયા છે. ૧૪૪૫ કેસો તબલીગી જમાત સાથે જોડાયેલા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં તબલીઘ જમાતનું પ્રકરણ સામે આવ્યા બાદ સંક્રમણના કેસની ગતિ લગભગ બમણી થઈ ગઈ છે.

મધ્યપ્રદેશના ભોપાલમાં સોમવારે કોરોનાના કારણે પહેલું મોત થયું હતું. ત્રણ દિવસ પહેલા હોસ્પિટલમાં ભરતી ૫૨ વર્ષના નરેશ સટીકનો રવિવારે રાતે ૧૨.૩૦ વાગ્યે મોત થયું હતું. તેમણે તાવ અને નિમોનીયાની ફરિયાદ બાદ શહેરના એમબીએસ હોસ્પિટલમાં ભરતી કરાવાયા હતા. મોત બાદ સોમવારે સવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મહારાષ્ટ્રના નાલાસોપારામાં પણ ૬૫ વર્ષના વૃદ્ધનું મોત થયું હતું. આ ઉપરાંત વડોદરામાં સોમવારે ૬૨ વર્ષીય એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે. વડોદરાના નગરપાલિકા કમિશનર નલિન ઉપાધ્યાયના જણાવ્યા પ્રમાણે, મહિલા ગત દિવસોમાં શ્રીલંકાથી આવ્યા બાદ બિમાર થઈ ગઈ હતી. તેને ૧૮ માર્ચે વડોદરાના એસએસજી હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. જ્યાં ટેસ્ટ બાદ તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તે શ્રીલંકાથી આવેલા એક ગ્રુપમાં સામેલ હતા. ૨ એપ્રિલે આ ગ્રુપના અન્ય એક વ્યક્તિનું મોત થયું છે. આ સાથે જ ગુજરાતમાં સંક્રમણથી મૃતકોની સંખ્યા ૧૨ થઈ ગઈ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચને ૮ એપ્રિલ સુધી ૭ લાખ રેપિડ એન્ટીબોડી ટેસ્ટિંગ કીટ મળી જશે. જેનાથી વધારે સંક્રમણ વાળા વિસ્તારોમાં કોરોના સંક્રમિતોની તપાસમાં મદદ મળશે. આઈસીએમઆરને આ ટેસ્ટિંગ કીટ અલગ અલગ જૂથમાં મળશે. આશા છે કે પહેલા તબક્કમાં ૫ લાખ કિટ આવશે.

## ઉત્તરપ્રદેશના ૩૦ જિલ્લામાં કોરોનાનો કહેરઃ ૨૯૦થી વધુ લોકો સંક્રમિત

લખનૌ,તા.૬

ઉત્તર પ્રદેશના ૩૦ જિલ્લામાં કોરોના વાઈરસનો કહેર મચી ગયો છે. નોઈડામાં અત્યાર સુધી ૫૮ કોરોનાના દર્દી મળ્યા છે. સરકારના તમામ ઉપાયો છતાં કોરોના નોઈડાની ઝૂંપડપટ્ટી અને ગામ સુધીમાં દસ્તક આપી ચૂક્યો છે.

ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૨૯૪ કેસ સામે આવ્યા છે. સોમવારે ૧૬ લોકોનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેમાં ૬ દર્દી લખનૌના બલરામપુર હોસ્પિટલ, ૮ દર્દી સીતાપુરના ખૈરાબાદ અને ૨ દર્દી આગ્રાના એસએનએમસીમાં દાખલ કરાયા છે. અત્યાર સુધી વારાણસી, બસ્તી અને મેરઠમાં કોરોનાથી એક-એક દર્દીનું મોત નીપજ્યુ છે.

## કોરોના મહામારી માટે ચીન જવાબદાર, આર્થિક-રાજકીય રીતે ચીનનો બહિષ્કાર કરોઃ બાબા રામદેવ

હરિદ્વાર,તા.૬

યોગગુરુ રામદેવે વિશ્વભરમાં ફેલાયેલી કોરોના મહામારી માટે ચીનને દોષિત ઠેરવ્યું છે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ચીનનો રાજકીય અને આર્થિક રીતે બહિષ્કાર કરવો જોઈએ. રામદેવે ટ્વિટ કરી કહ્યું છે કે ભારતે આ માટે રાજદ્વારી પહેલ કરવાની જરૂર છે.રામદેવે હિન્દીમાં ટ્વિટ કરી લખ્યું છે કે, સાચે જ ચીને અમાનવીય, અનૈતિક અને સમગ્ર વિશ્વને ઘોર સંકટમાં નાંખવાનું કૃત્ય કર્યું છે. આ માટે વિશ્વ સમુદાય દ્વારા ચીનનો રાજકીય અને આર્થિક રીતે વિરોધ કરી તેને પાઠ ભણાવવો જોઈએ. વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતે પ્રારંભ કરવો જોઈએ.

## અમેરિકામાં કોરોના ત્રીજા સ્ટેજમાંઃ ૯ હજારથી વધુ લોકોના મોત



વોશિંગ્ટન,તા.૬

કિલર કોરોના વાયરસનો કહેર દરરોજ પોતાની અસર વિશ્વભરમાં ફેલાવી રહ્યું છે. વિશ્વમાં ૧૦ લાખથી વધુ લોકો કોરોના વાયરસથી પીડિત થઈ ગયા છે. જ્યારે ૭૦૦૦૦ કરતા વધુ લોકોના મોત થયા છે. આ મહામારીની ઝપટમાં સૌથી વધુ અમેરિકા આવ્યું છે, જ્યાં છેલ્લી ૨૪ કલાકમાં આ વાયરસથી ૧૨૦૦ મોત નોંધાયા છે. કોરોનાએ અમેરિકામાં તો મોતનું તાંડવ મચાવી દીધું છે. હાલ સ્થિતિ એવી છે કે અમેરિકન પ્રજા ઘરની બહાર નીકળતા ફફડી રહી છે.

વિશ્વના સૌથી શક્તિશાળી દેશમાં કોરોના વાયરસના કહેરના કારણે બધુ ઠપ થઇ ગયું છે. જોન હોપકિંગ્સ યુનિવર્સિટીના ડેટા પ્રમાણે અત્યાર સુધી અમેરિકામાં કોરોના વાયરસની ઝપેટમાં ૩ લાખથી વધુ લોકો આવી ચુક્યા છે. જ્યારે ૯૬૦૦ લોકોના મોત થયા છે.અમેરિકામાં કોરોના વાયરસને કારણે મત્યુઆંક સતત વધી રહ્યો છે અને હવે આ આંકડો ૯/૧૧ આતંકી હુમલામાં મૃત્યુ પામનાર લોકોથી ત્રણ ગણો વધી ગયો છે. જ્યારે ૩ લાખથી વધુ લોકો સંક્રમિત છે.

અહીં સૌથી વધુ પ્રભાવિત ન્યૂયોર્ક શહેર અને સ્ટેટ છે જ્યાં અમેરિકાના કુલ કેસની અડધી સંખ્યા છે. ન્યૂયોર્કમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧ લાખ ૨૦ હજારથી વધુ પોઝિટિવ મામલા સામે આવ્યા છે, જ્યારે ૪ હજાર કરતા વધુ લોકોના મોત થયા છે.

ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હાલની સ્થિતિને જોતા લોકોને વધુમાં વધુ ઘરમાં રહેવાની અપીલ કરી છે, કોઈ જાહેર જગ્યા કે ઘરની બહાર નિકળવાની ના પાડવામાં આવી છે. પરંતુ અમેરિકામાં હજુ સુધી લૉકડાઉન સંપૂર્ણ રીતે કરવામાં આવ્યું નથી, જેનું નુકસાન ત્યાંના લોકોને ભોગવવું પડી રહ્યાની ચારેકોર ચર્ચા છે.

### કોરોના અસરઃ વડાપ્રધાનની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટનો મોટો નિર્ણય

## રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિત સાંસદોના એક વર્ષના પગારમાં ૩૦ ટકાનો કાપ મૂકાશે

ન્યુ દિલ્હી,તા.૬

કોરોના વાયરસની મહામારી વચ્ચે લોકડાઉન વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ દ્વારા કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઇ હતી. ભારતમાં સૌ પ્રથમ વખતે વીડિયો કોન્ફરન્સ દ્વારા કેબિનેટની બેઠક યોજાય હતી. કોરોના વાયરસ સામેની જંગમાં મોદી સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે એક વર્ષ સુધી તમામ સાંસદોની સેલરીમાં ૩૦ ટકા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. સાસંદોની સેલરીનો ઉપયોગ કોરોના વાયરસથી લડવા માટે કરવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલ પણ એક વર્ષ સુધી પોતાની સેલરી ૩૦ ટકા ઓછી લેશે. ૨ વર્ષ માટે સાંસદને મળતું ફન્ડ સ્થગિત કરવામાં આવ્યું છે. સંસદ સભ્યોને વિકાસ માટે મળતી ગ્રાન્ટમાં રૂ. ૭૯૦૦ કરોડ સ્થગિત કરાવામાં આવ્યા છે.

કેબિનેટ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે તમામ સાંસદો પાસેથી ઓછો પગાર લેવાની મંજૂરી મળી ગઈ છે. પીએમ, મંત્રી અને તમામ સાંસદો ૩૦ ટકા ઓછી સેલરી લેશે. આ ઉપરાંત સાંસદોને મળતા ફંડ ૧૦ કરોડ પણ ૨ વર્ષ સુધી નહીં મળે તેવો નિર્ણય લેવાયો છે. આ મુદ્દે સરકાર અધ્યાદેશ બહાર પાડશે.

### તુર્કીમાં એક દિવસમાં ૭૬ના મોત, ૩૦૧૩ નવા કેસ નોંધાયા

## સમગ્ર વિશ્વ કોરોનાની ચપેટમાંઃ મૃત્યુઆંક ૭૦,૦૦૦ને પાર

વોશિંગ્ટન,તા.૬

વિશ્વના વધુ પડતા દેશ આ સમયે ચીનથી ફેલાયેલી કોરોના મહામારીની ઝપેટમાં છે. ૧૨.૫ લાખથી વધુ સંક્રમિત થઇ ચુકયા છે. જ્યારે મૃત્યુઆંક ૭૦ હજારની નજીક પહોંચી ગયો છે. અઢી લાખથી વધુ લોકો સ્વસ્થ થયા છે. જોકે ભારતમાં મૃત્યુદર તેનાથી દેશોની સરખામણીએ સૌથી ઓછો છે. ભારતમાં દર ૧૦૦ કોરોના દર્દીઓ ૨.૭૫ લોકોના મોત થઇ રહ્યા છે

ભારતની સરખામણીએ અમેરિકામાં ૧૦૦ કોરોના દર્દીઓ પર ૨.૬ના લોકોના મોત થઇ રહ્યા છે. અમેરિકાના બાલ્ટીમોર આવેલ જોન્સ હોપ્કિસ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ યુરોપીય દેશ ઈટાલીમાં મૃત્યુદર વિશ્વમાં સૌથી વધુ છે. ત્યાં ૧૨.૩ ટકા કોરોના દર્દીઓના મોત થઇ રહ્યા છે. ફ્રાંસ, નેધરલેન્ડ અને સ્પેન જેવા અન્ય યુરોપીય દેશોમાં પણ મૃત્યુદર વધુ છે. ફ્રાંસમાં ૧૦૦ કોરોના સંક્રમિતોમાં ૧૦, નેધરલેન્ડમાં ૯.૪ અને સ્પેનમાં ૯.૪ લોકોના મોત થઇ રહ્યા છે. યુરોપીય સંઘથી અલગ થઇ ચૂકેલા બ્રિટેનમાં ૧૦૦ દર્દીઓમાં ૯.૩ લોકોના મોત થઇ રહ્યા છે. બીજી બાજુ બેલ્જીયમમાં ૬.૮ અને ઈરાનમાં ૬.૨ ટકાના દરથી કોરોના દર્દીના મોત થઇ રહ્યા છે. ચીનમાં ૧૦૦ સંક્રમિતોમાં ૪ના મોત થઇ રહ્યા છે. સ્પેનમાં ૨૪ કલાકમાં ૮૦૯ના મોત થયા છે

પાકિસ્તાનમાં આંકડો ૨૮૮૦ ઉપર પહોંચી ગયો. થાઈલેન્ડમાં ૧૦૨ નવા કેસ અને ત્રણના મોત થઇ ગયા છે. બીજી બાજુ બ્રિટેનમાં કોરોનાથી સંક્રમિત પાંચ વર્ષના એક બાળકનું મોત થયું છે. દેશમાં તે અત્યાર સુધીના સૌથી ઓછી ઉંમરના મોત છે. ત્યાં ૭૦૮ના મોત થયા છે. કોરોનાનો કહેર અમેરિકામાં છેલ્લા સપ્તાહે સૌથી વધુ અને ભયાવહ રહ્યો ત્યાં અત્યાર સુધી ૩.૨૮ લાખથી વધુ લોકો સંક્રમિત થઇ ચુકયા છે. જ્યારે ૭૩૦૦થી વધુના મોત થયા છે.આ દરમિયાન સારા સમાચાર એ છે કે ૧૬,૭૦૦ લોકો સ્વસ્થ થઇ ચુકયા છે. ન્યુયોર્ક, લુઈસિયાના અને મિશગન સહિતના ગર્વનરોએ લોકોને આહ્વાન કર્યું છે કે તેઓ ઘરોમાં જ રહે સૌથી વધુ પ્રભાવિત ન્યૂયોર્ક છે. હોસ્પિટલોમાં ક્ષમતાથી વધુ લોકો દાખલ છે. મહિલાઓની સરખામણીએ પુરૂષોને કોરોનાથી વધુ ખતરો છે. તુર્કીમાં ૨૪ કલાકમાં ૩૦૧૩ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૭૬ લોકોના મોત થયા છે. પોઝીટીવનો આંકડો ૨૩,૯૩૪ થયો છે. અત્યાર સુધીમાં ૫૦૧ના મોત થયા છે. તુર્કીએ દેશના ૩૦ મોટા શહેરોમાં ૧૫ દિવસો માટે અવર-જવર પર પૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# માસ્ક પહેરવા વિશે વિશ્વ આરોગ્ય સંસ્થાની વિચારણા

અમેરિકાની સરકારે શુક્રવારે નાગરિકોને અપીલ કરી છે કે ગ્રોસરી સ્ટોર વગેરે જગ્યાએ જાવ ત્યારે અચૂક સાદા માસ્ક પહેરજો. જોકે પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટતા કરી છે કે મેડિકલ માસ્ક નહિ, પણ સાદા માસ્ક પહેરજો, જેથી તબીબી સ્ટાફ માટે મેડિકલ માસ્કની તંગી ઊભી ના થાય. ટ્રમ્પે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે માસ્ક પહેરવાની ભલામણ સ્વૈચ્છિક છે અને હું પોતે સ્વૈચ્છિક રીતે માસ્ક પહેરવાનો નથી.કોરોના વાયરસના સંકટ વચ્ચે કોણે કોણે અને કેવી રીતે માસ્ક પહેરવો જોઈએ તેની ચર્ચા નિષ્ણાતો વચ્ચે પણ થતી રહી છે. આમ જનતા પણ તેની ચર્ચા કરતા હોય છે, પણ નિષ્ણાતો તેની ચર્ચા જરા અલગ રીતે કરતા હોય છે. હાલમાં ફરી એકવાર માસ્ક કોણે પહેરવો, કેવા પ્રકારનો પહેરવો, કેટલો સમય અને કેવી પદ્ધતિએ પહેરવો અને તેના નિકાલમાં કેવી કાળજી લેવી તેની પુનઃવિચારણા થઈ રહી છે. પુનઃવિચારણાનો અર્થ એ નથી કે માસ્ક ના પહેરવા માટેની સલાહ અપાશે. પરંતુ વધારે અભ્યાસ સાથે અને સમજણ સાથે ગાઈડલાઈન અપાશે.વિશ્વ આરોગ્ય સંસ્થાના સલાહકારોની એક કમિટી બેસાડાઈ છે તે આ વિશે હાલમાં વિચારણા કરી રહી છે. માસ્ક વિશેની ગાઈડલાઈન વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપેલી જ છે, પરંતુ તેમાં સુધારો કે વધારો કરવો કે કેમ તેની વિચારણા ચાલી રહી છે. કારણ એટલું કે સ્વતંત્ર સંશોધકોએ ખાંસી અને છીંકને કારણે છાંટા કેટલે સુધી દૂર ઊડી શકે છે તેનો નવો અભ્યાસ કર્યો તેને ધ્યાનમાં લઈને નવેસરથી વિચારણા થઈ રહી છે.ભારતમાં સામાન્ય દિવસોમાં પણ, મોટા શહેરોમાં દ્વિચક્રી વાહનચાલકોએ હેલમેટ અને હેલમેટ નહિ તો મોંઢે રૂમાલ બાંધીને જ નીકળવું પડે છે. ચાલવા નીકળ્યા હોઈએ ત્યારે પણ અને ઉનાળામાં માથે ટોપી અને મોઢે રૂમાલ બાંધી લેવાતો હોય છે. આ સામાન્ય કાળજી લેવાની વાત છે.પરંતુ કોરોના જેવી મહામારી વખતે માસ્ક વિશે ગાઈડલાઈન આપવામાં આવે ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા પાકું કરીને આપતી હોય છે. હાલમાં જે ગાઈડલાઈન અપાઈ છે તે પ્રમાણે તબીબી સ્ટાફે તેમના માટેના વિશેષ એન૯૫ જેવા માસ્ક પહેરવાના હોય છે. પરંતુ જાહેર જનતા માટે એવી ગાઈડલાઈન હતી કે બિલકુલ તંદુરસ્ત માણસ પોતાના ઘરે હોય અથવા બહાર જાય ત્યારે ભીડમાં ના હોય, બીજાથી દૂર હોય ત્યારે માસ્ક ના પહેરે તો ચાલે. પરંતુ અન્યોની નજીક હોય, ખાસ કરીને બીમાર વ્યક્તિની નજીક જવાનું થાય ત્યારે માસ્ક પહેરવો જોઈએ. ક્લિનિક પર જતી વખતે માસ્ક પહેરવો જોઈએ વગેરે સલાહ આપેલી છે.ખાસ કરીને ખાંસી અને છીંક આવતી હોય તે વ્યક્તિએ પોતાના પરિવારની કાળજી માટે, આસપાસના લોકોની કાળજી માટે મોં ઢાંકવું જરૂરી છે. રૂમાલ આડે રાખીને ઉધરસ ખાવી જોઈએ અને તરત જ રૂમાલને ખિસ્સામાં નાખી દેવો જોઈએ. એવી કાળજી સાથે કે તેના શરીરના બીજા ભાગને પણ ભીનો હિસ્સો અડે નહિ. વારંવાર રૂમાલ બદલી પણ નાખવો જોઈએ.એ બધી ગાઈડલાઈન તેમને ઓનલાઈન વાંચવા મળશે, વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પણ વિગતવાર તે મૂકેલી છે તે જોઈ લેશો. અહીં તમને એ સમાચાર આપીએ છીએ કે હાલમાં ખાંસી ખાવાથી અને છીંકથી છાંટા કેટલે દૂર ઊડે, કેવી રીતે ઊડે, હવામાં કેટલો સમય રહે અને નીચે બેસી જતા કેટલો સમય લાગે તેનું અલગથી સંશોધન થયું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૭/૦૪/૨૦૨૦, મંગળવાર, ચૈત્ર સુદ-૧૪
સૂર્યોદય-૬-૩૫, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૯-૪૨ થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૩ સુધી, ૧૫-૫૬ થી શુભ-૧૭-૩૦ સુધી, ૨૦-૨૯ થી લાભ-૨૧-૫૬ સુધી, ૨૩-૨૨ થી શુભ-અમૃત-ચલ-૨૭-૪૧ સુધી

**- શુભ હોરા-**
૮-૪૦થી ૧૧-૪૭ સુધી, ૧૨-૪૯થી ૧૩-૫૧ સુધી, ૧૫-૫૬ થી ૧૯-૦૩ સુધી, ૨૦-૦૧ થી ૨૦-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૭-૦૪-૨૦૨૦ મંગળવાર

**મેષ (અ.લ.ઈ.) :-** ઉત્સાહ જળવાઇ રહે. નાણાકીય બાબતોમાં કોઇ ઉપર ભરોષો ન રાખવો વિદેશથી લાભ રહે. માતુશ્રીનો સહકાર રહે.
**વૃષભ (બ.વ.ઉ.) :-** ન ધારેલી વ્યકિતનો સહકાર રહેશે. નોકરીમાં પ્રમોશન પગાર વધારો થાય. રાજકીય લાભ રહે.
**મિથુન (ક.છ.ઘ.) :-** મહત્વના કાર્યોમાં ધ્યાન આપો આવક કર્તા ખર્ચ ન વધે તે બાબત જરૂરી રહે યાત્રા પ્રવાસથી લાભ.
**કર્ક (ડ.હ.) :-** વ્યવસાયમાં નવી યોજના બાબત સફળતા રહે વિજાતીય મિત્રતા ગાઢ બને પ્રતિષ્ઠામાં વધારો થાય.
**સિંહ (મ.ટ.) :-** સ્ફૂર્તિ જળવાઇ રહે તે બાબત તકેદારી રાખવી જરૂરી ભાઇ-બહેનોથી સાથ સહકાર સારો રહે. નવી યોજનામાં લાભ.
**કન્યા (પ.ઠ.ણ.) :-** પિતાશ્રીનો સહકાર સારો રહે. મિલ્કતની વેંચાણ બાબત કોઇ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ.
**તુલા (ર.ત.) :-** મનગમતી વ્યકિત સાથે સગાઇની ઇચ્છા ફળે સંતાની પ્રગતિ, નોકરીમાં કાર્યભાર રહેવાનો પ્રવાસ થાય.
**વૃશ્ચિક (ન.ય.) :-** મોસાળથી લાભ, જુની બીમારી બાબત જાળવવું મેદવૃધ્ધિ ટાળવી. આત્મવિશ્વાસ કેળવવો. જરૂરી કર્જમાં રાહત.
**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** શકિતઓને યોગ્ય દિશામાં વાળવાથી ચોક્કસ સારો લાભ મલે. નોકરીમાં કાર્યભાર, નવી ઓફર પણ આવે.
**મકર (ખ.જ.) :-** કુનેહનો લાભ સંસ્થાને મલે યાત્રા-પ્રવાસનું આયોજન થાય. કાર્યભારને ટાળવાથી લાભ રહે. સ્વાસ્થ્ય જાળવવું.
**કુંભ (ગ.શ.સ.) :-** દિવસ દરમ્યાન વધુ મહેનત સફળતા મલવાની કર્જ ન કરવું વિજાતીય મિત્રતા ગાઢ બનવાની.
**મીન (દ.ચ.ઝ.) :-** તમો સતત પ્રગતિ ઇચ્છો છો. જોડી ધીરજ કેળવજો ટેકનીકલ લાઇનમાં સફળતા મલે મિત્ર વર્તુળમાં વધારો થાય.

# ગુજરાતમાં પણ ધારાસભ્યો-મંત્રીઓના પગાર ભથ્થામાં આવશે ૩૦ ટકાનો કાપ

ગાંધીનગર,તા.૬

મોદી સરકારે કોરોનાથી ઉભી થયેલી મહામારીની આર્થિક પરિસ્થિતિમાં એક વર્ષ સુધી ૩૦ ટકા વેતનકાપના કરેલા નિર્ણયનો ગુજરાતમાં પણ અમલ થાય તેવી શક્યતા છે. અને મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી સહિત મંત્રીઓ અને ધારાસભ્યોના વેતનભથ્થામાં પણ ૩૦ ટકા કાપ મૂકાઇ શકે છે. જેમાં રાજ્યપાલનો પણ સમાવેશ થાય તો નવાઇ નહીં.

સૂત્રોએ કહ્યું કે રૂપાણી સરકાર કેન્દ્રમાં મોદી સરકારના નિર્ણયોને અનુસરે છે. કોરોનાની હાડમારીને જોતાં અને પ્રજામાં સંવેદનશીલ સરકારનો એક હકારાત્મક સંદેશો આપવા માટે રૂપાણી સરકાર પણ એકાદ બે દિવસમાં ધારાસભ્યો અને મંત્રીઓ સહિતના વેતન-ભથ્થામાં એક વર્ષ સુધી ૩૦ ટકા કાપના નિર્ણયની જાહેરાત કરે તેમ છે. નોંધનીય છે કે ગુજરાતમાં ધારાસભ્યોને કલાસ-૨ના અધિકારીના વેતનભથ્થા સમકક્ષના લાભો મળે છે. હાલમાં ૭મા વેતન પંચ પ્રમાણે ધારાસભ્યો અને મંત્રીઓ વગેરે.ને પગાર ભથ્થાં મળે છે. જે મહિને દોઢ લાખ થવા જાય છે.

# આગામી બે મહિનામાં ૨.૭ કરોડ એન૯૫ માસ્ક અને ૫૦ હજાર વેન્ટિલેટરની જરૂર પડશે

ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં કોરોના ઝડપથી વધી રહ્યો છે, જેના કારણે પીપીઈ એટલે કે પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપ્મેન્ટ અને ટેસ્ટિંગ કિટ ની માગ વધી રહી છે. આ બધુ જોતા કેન્દ્ર સરકારે અંદાજ લગાવ્યો છે કે આવનારા બે મહિનામાં ભારતને ૨.૭ કરોડ એન-૯૫ માસ્ક ૧.૫ કરોડ પીપીઈ, ૧૬ લાખ ટેસ્ટિંગ કિટ અને ૫૦ હજાર વેન્ટિલેટરની જરૂર પડશે.

સૂત્રો પ્રમાણે ૩ એપ્રિલે નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે કેટલાક બિઝનેસના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી, જેમાં ખાનગી સેક્ટર, એનજીઓ અને આંતરરાષ્ટ્રીય ઓર્ગેનાઈઝેશનને પણ આ વિશે જણાવી દેવામાં આવ્યું છે કે ભારતને આવનારા સમયમાં આ વસ્તુની જરૂર પડી શકે છે.

અધિકારીઓ અનુસાર જૂન સુધી ૫૦ હજાર વેન્ટિલેટરની જરૂર પડશે, જેમાંથી ૧૬ હજાર ઉપલબ્ધ છે અને બાકી ૩૪ હજાર વેન્ટિલેટર માટે ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. અધિકારીઓનો આ જવાબ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓના તે સવાલ બાદ આવ્યો જેમાં તેમણે પૂછ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે સરકારને ખરેખર કેટલી જરૂર છે. તેમના અનુસાર કોઈપણ પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે આ જાણકારી હોવી જરૂરી છે.

### ભાજપના સ્થાપના દિવસે વડાપ્રધાને નાગરિકોને સંબોધિત કર્યા


# કોરોનાથી હારવાનું કે થાકવાનું નથી, લાંબી લડાઈ પછી વિજય પ્રાપ્ત કરવાનો છે: મોદી

ન્યુ દિલ્હી,તા.૬

આજે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ હોવાથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના નાગરિકોને સંબંધિત કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, સરકારે યોગ્ય સમયે મહત્વના નિર્ણયો કર્યા છે.વર્તમાન પરિસ્થિતમાં કોરોનાની સામે તમામ દેશ એકજૂટ થઈને આ મહામારીનો સામનો કરી રહી છે. આપણે ગરીબી વિરુદ્ધ લડાઈ લડવામાં સક્ષમ છીએ. તેથી જ નિરંતર પ્રયા, કરતા આગળવધી રહ્યા છીએ.આપણા વિચાર, સંકલ્પ એક સરખા હોવા જોઈએ.

આપણા દેશના દરેક નાગરિકે ખૂબ જ ધીરજ અને સહિષ્ણુતાની સાથે સાથ આપ્યો છે. પછી ભલે તે લાંબા સમયનું લોકડાઉન હોય કે, એક દિવસનું જનતા કર્ફ્યુ. દેશના દરેક નાગરિકે એકજૂટ થઈને આ મહામારીના સમયમાં કામ કરી રહી છે. દેશના દરેક નાગરિક ખુદ તો બચાવી રહ્યા છે, પરંતુ દેશને પણ બચાવી રહ્યા છે. તેથી જ ભારતના દરેક નાગરિકોને કોટી-કોટી નમન કરીએ તેટલુ ઓછુ છે. આ વિશેષ પરિસ્થિતિમાં તેમાંથી કેટલાક કાર્યો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ડબલ્યુએચઓએ પણ ભારતના આ



પગલાની પ્રશંસા કરી છે. તે સિવાય ઘણા ફોરમમાં કોરોનાના મુદ્દે ભારતે મહત્વની ભૂમિકા ભજવી છે. અમે ઘણા દેશોના વડાઓ સાથે વાત કરી છે, આપણો દેશ વિકાસશીલ દેશ છે, જે ગરીબી સામેની લડત લડી રહ્યો છે. પરંતુ આ કટોકટીની વચ્ચે આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયાસ કરી રહ્યા છીએ.

**વડાપ્રધાન મોદીએ કાર્યકર્તાઓને પાંચ આગ્રહ કર્યાઃ**

૧.ગરીબોને રેશન આપવાની અવિરત સેવા

જ્યારથી આ સંકટ શરૂ થયું છે ભાજપના લાખો કાર્યકર્તા દિવસ રાત ગરીબોની મદદ કરવા અને રેશન પહોંચાડવામાં જોડાયા છે. ગરીબોની સેવા કરે છે.

૨. ૫ અન્ય ઘરો માટે ખાવાનું બનાવો

પાંચ ઘરો માટે ખાવાનું બનાવો અને જરૂરિયાતમંદ લોકોને આપો. સમાજના તમામ લોકનું મનોબળ વધારવું તે આપણી જવાબદારી છે.

૩.ઘરો માટે ધન્યવાદ પત્ર લઈને જાવ

તમારા વિસ્તારમાં જે પણ નર્સ અને સફાઈ કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ, બેક્ર અને પોસ્ટ ઓફિસમાં કામ કરનારા લોકો અને સરકારી સેવાઓમાં લોકો છે, તેમનો આપણે આભાર વ્યક્ત કરવાનો છે. ૪૦ ઘરના ૫ અલગ અલગ લોકો આ ધન્યવાદ પત્ર પર સહી કરે. આપણે જેટલું સાથે મળીને કામ કરીશું આ મહામારીને એટલી ઝડપથી હરાવી શકીશું.

૪.આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો

આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો અને ઓછામાં ઓછા ૪૦ લોકોના મોબાઈલમાં તેને ડાઉનલોડ કરાવો.

૫.વડાપ્રધાન રાહત કોષમાં મદદ કરો

મહામારીની વિરુદ્ધ આ યુદ્ધ માનવતા માટે છે. યુદ્ધના સમયે દેશના લોકો માટે આપણે દાન કરીએ છીએ. હાલના સમયે લાખો લોકો પીએમ કેર્સ ફન્ડમાં દાન કરે છે. પ્રત્યેક કાર્યકર્તાએ પોતે પણ સહયોગ કરવો જોઈએ અને બીજેપીના ૪૦ સાથીઓને પણ સહયોગ કરવા માટે પ્રેરિત કરવા જોઈએ.

### મહારાષ્ટ્રમાં સોમવારે સવારે ૩૩ નવા પોઝિટીવ કેસ સામે આવ્યા

# મુંબઈની વોકહાર્ટ હોસ્પિટલમાં ૨૬ નર્સ અને ૩ ડોક્ટરનો ટેસ્ટ પોઝિટિવ આવતા હાહાકાર

મુંબઇ,તા.૬

બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૬ નર્સો અને ત્રણ ડોકટરોમાં કોરોના વાયરસનું પરીક્ષણ પોઝિટિવ આવ્યા બાદ મુંબઈની વોકહાર્ટ હોસ્પિટલને ક્વોરેન્ટાઇન ક્ષેત્ર જાહેર કરાઈ છે. મુંબઈ સેન્ટ્રલ સ્થિત આ હોસ્પિટલ કોઈપણ નવા દર્દીઓની ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દરમિયાન આજે સોમવારે મહારાષ્ટ્રમાં કોરોનાના ૩૩ નવા પોઝિટીવ કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજયમાં ચેપગ્રસ્તોનો આંકડો વધીએ ૭૮૧ પર પહોચી ગયો છે અને મૃતકોની સંખ્યા ૪૬ થઈ ગઈ છે. રવિવારે સૌથી વધુ ૧૧૩ દર્દીઓ બહાર આવ્યા હતા. રવિવારે અહીં સૌથી વધુ ૧૩ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા, જેમાંથી ૯ મુંબઇ, ૩ પુણે અને એક ઔરંગાબાદથી છે.



બીએમસી કમિશનર સુરેશ કાકાનીએ કહ્યું, આ દુર્ભાગ્યપૂર્ણ છે કે હોસ્પિટલના ડોક્ટર્સ અને નર્સોમાં કોરોનાનો ચેપ ફેલાયો છે. દરેક વ્યક્તિએ સાવધ રહેવું જોઈએ. હોસ્પિટલ સ્ટાફને આ ચેપ કેવી રીતે લાગ્યો તેની તપાસ માટે એક ટીમ બનાવવામાં આવી છે. હોસ્પિટલમાં કાર્યરત ૨૭૦ થી વધુ કર્મચારીઓ અને ડોકટરોની તપાસ કરવામાં આવી રહી છે. ઔરંગાબાદની જિલ્લા હોસ્પિટલમાં કાર્યરત ૩૮ વર્ષીય પુરૂષ નર્સ પણ કોરોના પોઝિટિવ આવી છે, ત્યારબાદ હોસ્પિટલના અનેક કર્મચારીઓને કોરોના તપાસ કરવામાં આવી છે. તેમનો અહેવાલ પણ સાંજ સુધીમાં આવશે.મહારાષ્ટ્રના વર્ધાની આરવી બેઠક પરથી ભાજપના ધારાસભ્ય દાદરાવ કીચેનો રવિવારે જન્મદિવસ હતો. આને કારણે તેના ઘરની બહાર સમર્થકોની ભારે ભીડ હતી. આ દરમિયાન ધારાસભ્યએ લોકડાઉન નિયમોનું ઉલ્લંઘન કરીને રાશન વિતરણ કરી લોકોને મીઠાઇઓ ખવડાવી હતી. આ પછી વર્ધા પોલીસે તેમની વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે.

### હત્યા-દુષ્કર્મ જેવા ગુના ૯૦ ટકા સુધી ઘટ્યા

# પોલીસ ટ્રાવેલ હિસ્ટ્રી છુપાવવી, લૉકડાઉન તોડવા, ફેક ન્યૂઝ જેવા ગુના રોકવામાં વ્યસ્ત

ન્યુ દિલ્હી,તા.૬

દિલ્હી સહિત ૧૦ રાજ્યોની રાજધાનીઓમાં કોરોના વાઈરસના ડર અને લૉકડાઉનથી હત્યા-દુષ્કર્મ જેવા ગુનાના દરમાં ૯૦ ટકાનો ઘટાડો થયો છે. વાત પછી સ્ટ્રીટ ક્રાઈમની હોય, ઘરફોડ કે પછી વાહનચોરીની, દરેક ગુનામાં ઘટાડો થયો છે. તેનું કારણ એ છે કે મોટી સંખ્યામાં પોલીસ માર્ગો પર તહેનાત છે. માર્ગ અકસ્માતોમાં પણ ૯૫ ટકાનો ઘટાડો થયો છે. ૨૨ માર્ચે જનતા કર્ફ્યૂ બાદથી ૩ એપ્રિલ સુધી આ બે સપ્તાહમાં જે નવા પ્રકારના કેસ નોંધાયા છે, તેમાં પોલીસકર્મીઓ સાથે મારપીટ, માસ્ક અને સેનેટાઈઝરની સંગ્રહખોરી, લૉકડાઉનનું ઉલ્લંઘન, વિદેશથી આવવાની માહિતી છુપાવવી અને ફેક ન્યૂઝ ફેલાવનારા સામેની કાર્યવાહી સામેલ છે.

ઘરફોડ અને વાહનચોરી જેવા કેસ ઓનલાઈન નોંધાવવાની સુવિધા ભાસ્કરે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત ૧૦ રાજયોની રાજધાનીઓમાં તેની તપાસ કરી. જયપુરમાં દર રોજ સરેરાશ ૭૫ કેસ નોંધાય છે, પરંતુ છેલ્લા બે સપ્તાહમાં કુલ ૧૩૨ કેસ જ નોંધાયા. એટલે દરરોજ માત્ર ૯.૪ કેસ નોંધાયા. તેમાં મોટાભાગે લૉકડાઉન ઉલ્લંઘન પણ છે. ઓછાવત્તા આવી જ સ્થિતિ અન્ય રાજધાનીઓની પણ છે. દિલ્હીમાં સૌથી વધુ વાહનચોરીની ફરિયાદ નોંધાઇ. દિલ્હી પોલીસના એસીપી અનિલ મિત્તલનું કહેવું છે કે ઘરફોડ અને વાહનચોરી જેવા કેસ ઓનલાઈન નોંધાવવાની સુવિધા છે. તેથી દિલ્હીના આસપાસના રાજયોમાં રહેતા લોકો પણ ઓનલાઇન ફરિયાદો નોંધાવે છે. જેથી તેમને ઈન્સ્યોરન્સ ક્લેઇમ મળી શકે. અમદાવાદમાં પહેલી વાર એવું થયું કે પોલીસે પ્રતિબંધન આદેશના ઉલ્લંઘન બદલ ૯૬૦ કેસ નોંધી ૨૯૬૦ આરોપીની ધરપકડ કરી છે.

# કોરોના વાયરસ બહુમુખી છે તેની સાથે આવનાર મુશ્કેલીઓને કોણ ઓળખશે......?

( જીએનએસ: હર્ષદ કામદાર)

ચીનથી ઉદભવેલા કોરોના વાયરસ વિશ્વભરના દેશોમાં શું શુ લઈને પહોંચી ગયો છે.....? વિશ્વભરમાં હજારો લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે, લાખો લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે, કરોડો લોકોને પોતાના ઘરમાં જ બંદીવાન બનાવી દીધા છે, તો વિશ્વના ૧૮૩ દેશોની આર્થિક વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાખી છે, લાખો લોકોને ખાવાપીવાના સાસા પાડુ દીધા છે, વિવિધ ઉત્પાદનો કરતા કરોડો ઉદ્યોગો ઠપ થઈ ગયા છે. લાખો- લાખો લોકોને રોજગારી ગુમાવવી પડી છે અને ભવિષ્યે કોરોના અટકશે પણ વિશ્વના દેશોને બેઠા થવામાં વર્ષો લાગી જશે....! બહુધા લોકો માટે મુશ્કેલીઓ પણ સર્જી દેશે.... આ બધા પ્રકારની તકલીફો વચ્ચે કોરોના વાયરસ - જાતિ કે કોમ અંગે કોઇ પણ દેશ માટે ભેદભાવ રાખ્યા વગર અનેકોને પોતાના જડબામાં જકડી લીધા છે. તો લોકોમાં જ્ઞાતિ- જાતિ- કોમના ભેદભાવ ભુસી નાખીને એક જ તાતણે પણ કરી દીધા છે.. ત્યારે કોરોના વાયરસનું મૂળ જન્મદાતા ચીને પોતાના વુહાન પ્રાંતમાંથી કોરોના મુક્ત કરી હસતુ રમતુ થઈ ગયું છે. તેના અર્થતંત્રને કોઈ અસર થવા દીધી નથી. સમગ્ર ચીનમાં માસ્ક,વખન્ટીલેટર સહિતના વિવિધ ઉત્પાદનો પૂરજોશમાં વધારી દેવા સાથે કરોડોની સંખ્યામાં માસ્કની અને હજારોની સંખ્યામા વેન્ટીલેટર સહિતના ઉત્પાદનોની જરૂરી સંખ્યામાં નિકાસ પણ વિશ્વના દેશોમાં ચાલુ કરી દીધી છે. આમ છતાં વિશ્વના અનેક દેશો ચીનની વસ્તુઓની આયાત કરવાથી દૂર ભાગવા લાગ્યા છે....! ત્યારે ભારતને મોટામાં મોટી તક મળી છે તે ઝડપી લેવી અતિ જરૂરી છે. અને તે માટે દેશના આરોગ્ય તંત્રના કર્મચારીઓની તમામ સવલતો પૂરી પાડવા સાથે દેશભરના દરેક ઘરમાં માસ્ક,સેનેટાઈઝર તેમજ કોરોનાનો સામનો લોકો કરી શકે તેવી દવાઓ અને આયુર્વેદિક ઉકાળા સહિત સખત કામ કરતા લોકોને જીવન જરૂરી માલસામાન પૂરો પાડવો જોઈએ. જેથી શ્રમિકો પોતાના કામ તરફ પરત ફરી ઉત્પાદનોનાં ગંજ ખડકી દે અને વિશ્વના દેશોમા ભારત દેશના ઉત્પાદનોની નિકાસ કરે..... પણ કેન્દ્ર અને દેશભરની રાજ્ય સરકારોએ આ માટે નિઃસ્વાર્થ ભાવે જહેમત ઉઠાવવી પડશે.... જો ઉઠાવી લે..... તો ભારતને વિશ્વ ગુરુ બનતા કોઇ રોકી નહી શકે.....!

કોરોના વાયરસ માત્ર વૈશ્વિક મંદી જ નથી લાવ્યો પરંતુ આર્થિક સુનામીને પણ સાથે લાવ્યો છે... અને ચીન હરખભેર દોડતું થઇ ગયું છે. તે વિશ્વની મહાસત્તા બની જાય તેવું સ્વપ્ન સેવી રહ્યો છે. પરંતુ ચીન એ ભૂલી રહ્યુ છે કે વુહાનમાંથી કોરોના ખતમ કર્યો છે પરંતુ એ નેગેટીવ રૂપે ત્રાટકશે જ તેવું નિષ્ણાતોનું કહેવું છે. મતલબ તેનું સ્વપ્ન ધૂળમાં મળી જશે. ચીને કોરોના વાયરસની શરૂઆત થતા સમયે વિશ્વના અનેક દેશોમાં પોતાના લોકોને રવાના કરી દીધા હતા. તો વુહાનમાથી પણ વિવિધ દેશોમાં ચીનના લોકો ગયા હતા. આવી ભયંકર મહામારીમાં પોતાની શિયાળ વૃત્તિ ચીને છોડી નથી... પોતાના ખાસ મિત્ર ગણાતા પાકિસ્તાન સહિત ૫૦ જેટલા દેશોમાં કરોડો માસ્ક અને હજારો વેન્ટીલેટરોની નિકાસ કરી છે.... પરંતુ તે હલકા પ્રકારનો સામાન હોવાથી પાકિસ્તાન સહિતના દેશોમાં ભારે બુમરાણ મચી ગઈ છે....! વિશ્વના શક્તિશાળી દેશો પણ કોરોનાને કાબુમા લઈ શક્યા નથી પરંતુ ભારતે લોકડાઉન જાહેર કરી કોરોનાને આગળ વધતો અટકાવવા તમામ પ્રયત્નો કર્યા છે. જેને કારણે ૪૧૦૦ જેટલા કેસો નોધાયા છે તો સવાસો જેટલા મૃત્યુ થયા છે.... હવે લોકલ ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે જેથી લોકોએ સમજીને પોતાના અને પરિવારની સલામતી માટે જરૂર સિવાય ઘરબહાર નીકળવું મોટું જોખમ છે. તેનો દાખલો છે ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ્યાં ગીચ વસતિ છે ત્યાં કોરોના વાયરસના સંપર્કમાં આવેલાઓ ને લઈને વધુ લોકોમાં ફેલાયો છે. ગુજરાતના ૧૫ જિલ્લાઓમાં પગરણ કરી દીધા છે......

તેમાં પણ અમદાવાદ શહેરમાં ૫૩ જેટલા કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતા મુસ્લિમ વિસ્તારોમાં છે... અને ત્યાં મૃતાક વધુ છે. જો કે કેટલાકોએ તબલિગી સમાજના સંમેલનને કારણે વધુ કોરોના ફેલાયો તેમ કહે છે... તો વિશ્વના અન્ય દેશોમાં તબલિગીઓ નથી ગયા....છતા તે દેશોમા મહામારીનો કેર વધુ છે... ત્યારે યુકેમાં ઈસ્કોનના બે કાર્યક્રમો યોજાયા તેમાં એકાદ હજાર લોકોએ ભાગ લીધો હતો ૬ જેટલાનો પોઝિટીવ રીપોર્ટ આવ્યો છે એટલે બધા જોખમમાં આવી ગયા છે....! આને શું કહીશુ....? ગુજરાત સરકારે રોજનું લાવી રોજ ખાનારા તરફ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે... તો દૂધ, શાકભાજી, કરિયાણું વગેરે ખરીદી માટેના ટાઈમટેબલ બનાવવા અતિ જરૂરી છે... કારણ કે અમદાવાદના પૂર્વના અનેક વિસ્તારોમાં તેમાં પણ આંતરિક વિસ્તારોમાં યુવાધન રસ્તા ઉપર માસ્ક વગર હરતા ફરતા રહે છે.... તો રસ્તા પર ટહેલવા નીકળી પડે છે. અને તે પણ વધુ પ્રમાણમાં અને સાંજના સમયે.... ત્યારે પોલીસે ત્રીજું નેત્ર ખોલવાની જરુર છે...

જોકે અમદાવાદમાં કેટલાક વિસ્તારોને સીલ કરી દીધા છે તો અનેકોને કોરેન્ટાઈન કરી દીધા છે.... પરંતુ ડીશ ઈન્ફેક્શન કરવા પણ અતિ જરૂરી છે.... તો રોજમદારો અને લોઅર મધ્યમ વર્ગ માટે આગવી વ્યવસ્થા ઉભી કરી તેમને જીવન જરૂરી વસ્તુઓ પહોચાડવી જરૂરી છે... જેમાં અનેક નાના- મોટા સુખી સખીદાઓ છે તેમનો સહયોગ લેવો જોઈએ.... પણ જે કાઈ વિતરણ કરો તેના વિડિયો કે ફોટા લેવાથી દૂર રહે તે પણ જરૂરી છે.... અને છેલ્લે ધન્યવાદ મહેસુલ તંત્રના અધિકારીઓ-કર્મચારીઓને કે જેઓ આમ પ્રજાને સહાય પહોચાડવા માટે સતત રાત-દિવસ મહેનત કરી રહ્યા છે તેઓ ને લાખ લાખ વંદન..... વંદે માતરમ્

# લોકડાઉન શરીરનું કરવાનુ છે મગજનું નહીં.

માસ હિપ્નોટીઝમના આ પ્રયોગમાં જાદુગર કોલસાને ગુલાબ જાંબુ કહી ખવડાવી દે એમ મોદીજી પણ × દવા ને બદલે દીવા × પકડાવી દેવામાં સફળ રહ્યા. કેટલાક પરમ ભક્તોતો હવે ધાબે ચઢી દૂરબીનથી કરોના કઈ દીશામાં ભાગી રહ્યો છે તે જોવામાં ઉત્તસુક હશે. જાદુગરનો ખેલ જોનારા તો જાણતા હોય છે કે આ હાથ ચાલાકી છે. જાદુગરો જેમ યુવતીના બે ટુકડા કરે અને બે ટુકડા થયેલી યુવતી ખેલ પુરો થતાં જ દર્શકોની સામે જ ચાલીને ઘરે જતી હોય છે પણ આ રાજકીય જાદુગરીની અસરમાંથી બહાર આવતાં સમય લાગે છે. વળી જેવા ભક્તો બહાર આવવામાં જ હોય ત્યાં બીજો ખેલ એમના મગજ પર કબજો કરી લે છે.




હવે દીવા બુઝાઈ ગયા હોય તો દીમાગની બત્તી ચાલુ કરી વિચારજો કે ક્યાંક નરેન્દ્રભાઈએ કીધું એટલે કરવાનુ જ એ વિવશતા તમને જનતામાંથી જમ્બુરીયામાં ફેરવાઈતો નથી રહીને ? જમ્બુરીયા થાલી પીટેગા ? જી માલીક પીટુંગા×

જમ્બુરીયા દીયા જલાયેગા ? જી માલીક જલાઉગા. અપને દીમાગ કો ચલાયેગા? નહીં માલીક કભી નહીં ચલાઉગા ...જેવા મદારીને જમ્બુરીયા ખેલનો હીસ્સો આપ બની રહ્યો છો. દીવા પ્રગટાવવામાં કોઈ ખામી નથી એનાથી આખે અંધારા લાવી દીવ્યાંગ બનાવી દેતી રાજનીતિ સામે વાંધો છે અને હોવો જોઈએ.

લોકોની હતાશા દૂર કરવાની જવાબદારી લોકો ઉપર જ નાખી ભુવા ભરાડી અને તાંત્રિકો જેવા ટોટકા કરવાનું દેશના પ્રધાનમંત્રીને શોભે નહીં અને મોદીજી દાણા નાખે એટલે ધુણવાનુ શરૂ કરી દેતાં લોકો માટે પણ તે શરમજનક છે. વિશ્વ આખું કોરોના માટે રસી શોધવામાં લાગી છે, વૈજ્ઞાનિક ઉપાયો શોધી રહ્યા છે ત્યારે આપણે થાળીઓ અને કોડીયાઓમાં અટવાઈ રહ્યા છીએ. એકસો પાંત્રીસ કરોડ લોકોની એકતા દર્શાવવાના નામે કરોનાને હરાવવા જે દીપોત્સવ ઉજવાયો એ શું બૌધિક કે તાર્કિક ઉપાય છે ?

શું એકતા પુરવાર કરવાથી કરોના ગભરાઈ ને ભાગી જાય ખરો ?

લોકોની હતાશા દૂર કરવાની કે આત્મવિશ્વાસ જગાડવાની સંવૈધાનિક ફરજોમાં અસફળ સરકાર મહામારીને અવસરમાં ફેરવવા મનોરંજક કાર્યક્રમો આપે તે દુઃખદ છે.

સમયાનુંસાર ટી.વી.ના માધ્યમથી આકાશવાણી કરતા વડાપ્રધાને જો સરકારની કરોના સામેની તૈયારીઓ વિશે હૈયાધારણ આપી હોત તો મનોજ તિવારી અને નરેન્દ્રભાઈ મોદીમાં આપણે ફરક અનુભવી શક્યા હોત. પ્રજા એકજુટ છે માટે જ લોક ડાઉન મહદઅંશે સફળ છે હવે એકસંપ થઈ જવાબદારી સરકારે નીભાવવાની છે. લોકોએ તમે કહ્યું એટલે થાળી ને તાળી વગાડી, તમે કહ્યું તો દીવા કર્યા હવે લોકોને એ ભરોસો તો આપો કે તમે શું કરી રહ્યા છો ? બધું જનતાએ જ કરવાનુ હોય તો મોદીજી તમે પણ રીન્કીયા કે પાપા જેવા ટીકટોક વીડીયો બનાવી મજા કરો. મોદીજી ભુલી જાય છે કે તેઓ વડાપ્રધાન છે આધ્યાત્મિક ગુરૂ નહીં. આશારામ અને શ્રી શ્રી જેવાઓની સોબતમાં તેઓ પણ ક્યારેક ધર્મગુરુની જેમ વર્તે છે. એઈમ્સથી લઈને તમામ જગ્યાએથી માસ્ક, સેનેટરાઈઝર, વેન્ટિલેટર અને સ્ટાફની સુરક્ષાના અભાવની ફરિયાદ આવી રહી છે ત્યારે મોદીજી કહેવું જોઈએ કે તેમની સરકાર આ તમામ ક્ષેત્રે શું કરી રહી છે. ચિંતા ના કરશો સરકાર તમામ તૈયારીઓ પુર્ણ કરી રહી છે એનો વાસ્તવિક ચિતાર આપવો જોઈએ. તબીબો પર થતા હુમલા સામે આંખ લાલ કરવી જોઈએ. ભગવાને આંખ માત્ર બિચારી અને નબળી જનતા સામે જ લાલ કરવા નથી આપી. લોકોનો આત્મવિશ્વાસ ત્યારે જાગે જ્યારે તેઓ સરકારથી આશ્વસ્ત થઈ ભયમુક્ત બને. દીવાઓ ગણીને પોતાના અંધ સમર્થકોની ગણતરી માંડવા જતાં કરોનાના કેસોની ગણતરી દીવસે ને દીવસે વધી રહી છે તે તરફ ધ્યાન આપવું જોઇએ. આ કોઈ ઈવેન્ટ નથી જેની ઉજવણી કરવી પડે. આફત છે તેનું મેનેજમેન્ટ કરવું પડે.

દુખની વાત એ છે કે માસ હીસ્ટેરીયાની આ સ્થિતિ એ સમજદાર લોકોને લઘુમતીમાં મુકી દીધા છે. બૌધિકો મુર્ખ ઠરી રહ્યા છે અને મુર્ખાઓની સર્વવ્યાપી મુર્ખાઈ સરકાર માટે નિષ્ફળતા છુપાવવાનું હાથવગુ હથીયાર બની ગયું છે. ખરેખર તો ભક્તો પણ હવે ચિંતામાં છે કે ક્યાંક મોદીજી ત્રીજો ટાસ્ક સામુહીક ગૌમુત્ર પીવાનો ના આપી દે. મોદીજી કહે એટલે ગાયના પછવાડે ખોબા ધરીને ઉભુ તો રહેવુ જ પડશે એ ભયથી ભક્તોને ચિંતા પેઠી છે.

ભારતના બંધારણના અનુચ્છેદ 51 A (H) વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં બાધારૂપ અંધશ્રદ્ધાપૂર્ણ પ્રવૃત્તિનો છેદ ઉડાડે છે ત્યારે પ્રધાનમંત્રીજી તરફથી જ આવા વૈજ્ઞાનિક આધારવિહીન કાર્યક્રમો હાસ્યાસ્પદ છે. જો દેશની પુર્વગામી સરકારોએ શીતળા, પ્લેગ, પોલીયો, હડકવા જેવી સમસ્યાઓનો ઉપાય થાળી અને કરતાલમાં કે ધ્વનિમાં શોધવા કર્યો હોત કે દીવાના પ્રકાશમાં શોધ્યો હોત તો આજે સ્થિતિ શું હોત ? પોલીયોની બે બુંદની તબીબી ઝુંબેશે દેશને અપંગતાના શ્રાપથી મુક્ત કર્યો છે ત્યારે દેશને દીમાગી અપંગતા તરફ લઈ જતા પ્રયોગો ચિંતાજનક છે.

નવ ને નવ મીનીટે કરોનાનું નખ્ખોદ ના જ વળ્યું હોય તેવું સમજાય તો બુધ્ધીનું દેવાળું ફુકતા બચાવી લેજો. બાકી કરોનાની બીમારીથી તો ઘરમાં રહી ને બચી શકશો દીમાગી બીમારીથી નહીં. લોક ડાઉન શરીરનું કરવાનુ છે મગજનું નહીં.

Jay bhim

# ગુજરાતના આ શહેરમાં પોલીસે જ કર્યો જાહેરનામાનો ભંગ, PI સહિતના સ્ટાફે ગરબા કર્યા



એક તરફ સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારીએ વિકરાળરૂપ લીધું છે. તંત્ર તરફથી કોઈને પણ ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી રહી છે. એવામાં પોલીસ સ્ટાફે જ જાહેરનામાનો ભંગ કર્યો છે. અમદાવાદ શહેરના બોપલ પોલીસ સ્ટેશનના PI સહિતના સ્ટાફે બોપલ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ગરબા કર્યા હતા. જેને લઈને સમગ્ર પોલીસ બેડામાં અનેક પ્રકારની ચર્ચા થઈ રહી છે. બોપલ પોલીસ સ્ટેશનના PI અનિલાબેન બ્રહ્મભટ્ટ તથા ૧૫ જેટલા પોલીસ કર્મીઓએ ટોળું વળીને ગરબા રમી નિયમનો ભંગ કર્યો હતો.

સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું છે અને રાજ્યમાં ૧૪૪ની કલમ લગાવી દેવાઈ છે. એ અંતર્ગત ૪થી વધારે લોકો એકઠાં ન થઈ શકે. છતાં અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ૧૫ જેટલા પોલીસ કર્મીઓ એકઠાં થયા હતા. એવું પણ જાણવા મળ્યું હતું કે, કેટલીક સોસાયટીમાં પોલીસે જ ભીડ ભેગી કરી હતી. લોકડાઉન અને કલમ ૧૪૪ લાગુ હોવા છતા PI અનિલાબેન બ્રહ્મભટ્ટ અને પોલીસ સ્ટાફે એક સોસાયટીમાં એકઠાં થઈને ગરબાનો જલસો કર્યો હતો. આ સોસાયટીના લોકોને મનોરંજન મળી રહે એ હેતુથી એક ગાયક કલાકારને પણ બોલાવવામાં આવ્યા હતા. લાઉડ સ્પીકર પર મોટા અવાજે ગરબા ચાલી રહ્યા હતા.

આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકો અનેક પ્રકારની કોમેન્ટ કરી રહ્યા છે. એક તરફ પોલીસ નિયમનું પાલન કરાવવા માટે કડક પગલાં લઈ રહી છે. બીજી તરફ પોલીસને કોઈ નિયમ લાગુ પડે છે કે કેમ એવી લોકો ચર્ચા કરી રહ્યા છે. બીજી તરફ અમદાવાદ પોલીસ બેડામાં પણ આ ઘટનાને લઈને અનેક મુદ્દા ચર્ચામાં છે. બોપલની આ સોસાયટીમાં પોલીસનો હેતુ લોકોને મનોરંજન પૂરુ પાડવાનો હતો. સોશિયલ મીડિયા પર એવી પણ કોમેન્ટ વહેતી થઈ હતી કે, પોલીસ જ જાહેરનામાનો ભંગ કરી રહી છે. રાજ્યમાં કોરોના વાયરસે ૧૧ લોકોના જીવ લીધા છે. જ્યારે પોઝિટિવ કેસનો આંકડો ૧૦૦ને પાર થયો છે. કોરોના પોઝિટિવમાં ૬૦ ટકા કેસ લોકલ ટ્રાન્સમિશનને કારણે વધ્યા છે. બે દિવસમાં ૩૩ પોઝિટિવ કેસ જુદા જુદા જિલ્લાઓમાંથી નોંધાયા છે. સૌથી વધારે પોઝિટિવ કેસ અમદાવાદનામા સામે આવ્યા છે. શહેરનો મધ્યઝોન હોટસ્પોટ જાહેર કરાયો છે.




**વિશ્વની પ્રવર્તમાન કરોના ગ્રસ્ત પરિસ્થિતિને અનુંલક્ષીને બોલીવૂડ ફિલ્મ ' દૂર ગગન કી છાંવ મેં 'ના આ સંદેશવહક ગીત મારફતે USA સ્થિત પિયુષા ગજ્જર અને તેનું ગૃપ ' Sing Together From Far Away ' ટેકનિક દ્વારા ખુશહાલી નો સંદેશ રેલાવી રહ્યા છે. વિવિધભાષી અને વિવિધ ધર્મ તથા સંપ્રદાયના લગભગ ૩૫ જેટલા મિત્રો આ ખૂશહાલીના ગીત સાથે વચ્ચે વચ્ચે કરોના વાયરસ ની સાવધાની નો સંદેશ આપતા રહે છે.. ઉપરાંત ગીત દ્વારા પણ નવીન આશા ભરેલ આવતી કાલનો શુભ સંદેશ રેલાવી રહ્યા છે કે જ્યાં કોઈ પણ પ્રકારની નફરતની ભાવના ન હોય અને સૌ પ્રેમ ભર્યા નવીન વાતાવરણ તરફ આશા ભરી આવતીકાલ તરફ આગળ વધી એ. ( આયોજક અને સંકલન :- પિયુષા ગજ્જર, Washington DC area )**



**વર્તમાન સમયની લોકડાઉન ની સ્થિતિમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા મોડાસા એ મોડાસા નગરપાલિકા સંચાલિત આશ્રયઘર અને સ્પોર્ટ્સ સંકુલમાં આશ્રય લઈ રહેલા ૧૩૦ આશ્રિતો ને ૫ એપ્રિલની સવારથી નાસ્તો,બપોર નું ભોજન અને રાત્રીનુ ભોજન કરાવવાની સરાહનીય અને માનવતાભરી કામગીરી શરૂ કરી દીધી છે. સંસ્થાના અગ્રણી સંતો મંગળ પુરુષ સ્વામી અને નિર્મલ ચરણ સ્વામી ના માર્ગદર્શન હેઠળ હરિભક્તો અને ૨૦ થી વધુ કાર્યકરોએ સેવાકીય કામગીરી શરૂ કરી દીધી છે.બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા આ આશ્રિતો ની બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ માનવતાભરી સેવા ચાલુ રહશે**

# રાજકોટ મહાનગરપાલિકાનું કોંગ્રેસ કાર્યાલય સતત ધમધમતું : પ્રજાના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ

રાજકોટ મહાનગરપાલિકામાં આવેલ વિરોધપક્ષ કાર્યાલય હર હંમેશ પ્રજાના પ્રશ્નોને વાચા આપવા તત્પર રહ્યું છે તેમજ લોકપ્રશ્નો નો તાત્કાલિક ઉકેલ પણ લાવવામાં આવ્યો છે ત્યારે રાજકોટ શહેર ના નાગરિકોને પડતી મુશ્કેલીઓ જેવી કે પાણી ૨૦ મીનીટ ઓછુ આવવું, ઓછા ફોર્સથી આવવું, ગંદા પાણી, ડ્રેનેજ ઉભરાવી, હેડિંગ ભરાઈ જવું, ગટર લાઈન ચોક અપ થવી, સ્ટ્રીટ લાઈટ બંધ, કચરાની ગાડી ના



ધાંધીયા, ન્યુસન્સ પોઈન્ટ, કચરાના ઢગલા, આરોગ્ય લક્ષી કામગીરી, વેબસાઈટમાં વાંધા, ફોગીંગ, સેનીટાઈઝેન કામગીરી, રોડ ઉપરના ખાડા બુરવા, વગેરે જેવા પ્રજાના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે છે. વિરોધપક્ષ કોંગ્રેસ કાર્યાલયે રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત અને કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટ દ્વારા મહામારી કોરોના સામે સતર્ક, સચેત રહેવા, સોસીયલ ડિસ્ટન્સ જાળવવા અને સાવધાની રાખવાની અપીલ જાહેર જનતાના આરોગ્યના હિત માટે કરવામાં આવે છે.(વિરલ ભટ્ટ)

### ભાજપ દ્વારા થતો પોલીસનો દુરુપયોગ

# સામાજિક સંસ્થાઓ, સેવાકીય પ્રવૃત્તિ કરતા સ્વયંસેવકોના પાસ પરત લેવાનો મ્યુનિસિપલ કમિશ્નરનો હુકમ

રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવતા હજ્જારો ગરીબ અને નાના માણસો સરકારના અણઘડ આયોજનના પાપે છેલ્લા ૧૪ દિવસથી હેરાન પરેશાન થઇ ગયા છે અને ગુજરાતના મુખ્યમંત્રી પોતે જ જયારે જાહેરાત કરતા હોય કે દરેક રાશનકાર્ડ ધરકોને તા.૦૧/૦૪/૨૦૨૦ થી વિનામુલ્યે રાશન મળશે પરંતુ સરકારની અણઆવડતના હિસાબે તા.૦૧/૦૪ ના રોજ સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી ગયો હતો ચરેય તરફ હજ્જારો લોકો નિસાસા નાખી રહ્યા હતા અને તા.૦૧/૦૪ના રોજ દરેક રેશનીગ દુકાનો પર લોકોને હડધૂત કરી પરત મોકલવામાં આવ્યા હતા ૠ અને અંત્યોદય કુપન ધારકોમાંથી અમુકને ખાંડ અને મીઠું આપવામાં આવ્યું, અમુકને ચોખા આપવામાં આવ્યા મોટા ભાગના કાર્ડ ધારકોને મામલતદારમાં સિક્કા મારવા જાવ તેવા જવાબો આપવામાં આવ્યા અને છઁન કાર્ડ ધારકોને તો હડધૂત કરીને ઘરે મોકલવામાં આવ્યા કે તમને તો ક્યારેય કશું આપવાનું જ નથી તો અમારો સરકારને સીધો સવાલ છે કે મુખ્યમંત્રીશ્રી જાહેરાત કરતા હોય તેની કિમત શું ? વિજયભાઈ રૂપાણી પોતે જ જાહેરાત કરતા હોય તેની નીચેના તમામ સરકારી સ્ટાફ તેની વિરુદ્ધ કામગીરી કરતા હોય તો તે એ બતાવે છે કે કા વિજયભાઈનું ચાલતું નથી અથવા તો વિજયભાઈ નું કોઈ માનતું નથી તો રાજકોટના એક નાગરિક તરીકે અમારી વેદના છે નાના અને ગરીબ માણસોને ભૂખ્યા સુવડાવવા જેવું મોટું પાપ જો કોઈ કરતુ હોય તો એ ભાજપ કરે છે કોંગ્રેસના કોર્પોરેટરો પછાત વિસ્તારોમાં ચુંટાણા છે ત્યારે તેઓના ઘરે ગરીબ, શ્રમિક, વિધવા બહેનો નિરાધાર લોકોના ટોળા જાય છે અને રાશનમાં માલ અમને દુકાનદાર આપતા નથી તેવી ફરિયાદો કરે છે જયારે દુકાનોમાં પૂછતાં તેઓના કાર્ડ રદ થઇ ગયા છે તેવું જણાવાય છે અમુકને સિક્કા મારાવવાનું કહે છે છઁન વાળાને કાઈ આપવાનું થયું નથી તો આ નાના અને મધ્યમ વર્ગના લોકો લોકડાઉનની પરીસ્થિતીમાં ઘરે તો રહી શકે છે પરતું ખાય શું ? તેની સરકારે ચિંતા કરવી જોઈએ સરકાર જાહેર કરે છે કે તમારા ઘરે આવી જીવનજરૂરી ચીજ વસ્તુઓ તમારા એક ફોન થી ઘરે પહોંચી જશે પરંતુ ગરીબ-મધ્યમવર્ગના લોકો પાસે પૈસા હોય તો મંગાવેને ! મધ્યમવર્ગને સરકારનું ખાવું નથી પરંતુ માણસની મજબુરી જ માણસ પાસે બધું જ કરાવે છે જો આવીને આવી સ્થિતિ હવે બે-ત્રણ દિવસ રહેશે તો ચારેય તરફ લૂંટફાટ



થવાની દહેશત છે આ બાબતે કાંઈપણ થાય તેની તમામ જવાબદારી સરકારની જ રહે છે અંતે તો સરકાર લોકોને ખાવાનું પૂરું પાડતી નથી તેથી જ કોંગ્રેસના કોર્પોરેટરો જે વોર્ડ માં ચૂંટાયેલા છે ત્યાં પોતાની જવાબદારી સમજી સ્વેચ્છિક રીતે રસોડા શરુ કરાયા છે જે જનતા રસોડે થી કોઈપણ પ્રકારના પક્ષપાત વગર લોકોને ભોજન આપવામાં આવે છે પરંતુ આ સરકાર સંસ્થાઓ, સ્વયંસેવકો દ્વારા લોકોને ભોજન આપવા જાય છે તેને ભોજન આપવા જવા દેતી નથી આથી સ્વેચ્છાએકામ કરતા સ્વયંસેવકો , સંસ્થાઓ અને સમાજના શ્રેષ્ઠીઓના પાસ પરત મંગાવી લેવાથી હાલ ભયનો માહોલ સરકારે પોલીસને હાથો બનાવી સર્જ્યો છે.

વધુમાં શ્રી સાગઠીયાએ જણાવ્યું છે કે ભાજપના કાર્યકરો દ્વારા સામાજિક સંસ્થાઓ માંથી આવતી કીટો જે બારોબાર તેઓના મળતિયા અને કાર્યકરો સુધી જતી રહે છે અમારો સીધો સવાલ કોર્પોરેશનના કમિશ્નરને છે કે આ આયોજન તો સીધું જ તમારા અંડરમાં આવે છે અને તમે જ ભાજપના મિત્રોને લોકોના ઘરે જવા મોકલી રહ્યા છો અને તે જ મિત્રો પોતપોતાના સગાવ્હાલા અને ભાજપના કાર્યકરોના નામો આપને પહોંચાડશે જે લોકો પાસે રાશન કાર્ડ નથી તેનો સર્વે કમિશ્નર સાહેબ આપે ભાજપના કાર્યકરોને સોંપ્યો છે તે કેટલા અંશે વ્યાજબી છે ?

દરેક વોર્ડ ના વોર્ડ ઓફિસરોને કોણે સુચના આપી છે કે ભાજપના લોકો જાય સર્વે કરે એ જ લોકોને આપ કીટો આપવાના છો ? અને આ કીટો કેવી રીતે વિતરણ કરવાના છો તેનું કાંઈપણ આયોજન છે? તેમજ કોઈ ગરીબ કે નાનો માણસ બાકી રહી જશે તો તેની જવાબદારી કોની? તેમજ નાગરિકો ભૂખ્યા રહેશે ત્યારે કોઈ અગમ્ય બનાવ બનશે તો તેની જવાબદારી કોની ? વગેરે વેધક સવાલો શ્રી સાગઠીયાએ રાજકોટમહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર અને રાજકોટ જીલ્લા કલેકટરને કર્યા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના રાજકોટ શહેરમાં આજથી મ્યુનિસિપલ કમિશ્નરના આદેશ અનુસાર જે સ્વેચ્છિક સંસ્થાઓના સ્વયંસેવકોને મહાનગરપાલિકાએ પાસ કાઢી આપવામાં આવ્યા છે તે પાસને આજરોજ રદ કરવામાં આવ્યા છે અને ઈશ્યુ કરેલ પાસ જમા કરાવવા માટેની કામગીરી શરુ કરાઈ છે તેમજ એક તરફ સરકાર લોકોને જમાડી શકતી નથી બીજી તરફ સામાજિક અને સ્વેચિક સંસ્થાઓ લોકોને ભોજન પૂરું પાડે છે તેને આ સરકાર પોલીસ દ્વારા વાહન ડીટેઈન કરાવે છે ભોજન લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરાવતી હોય તેવું સ્પષ્ટ દેખાય છે અને શાબિત થાય છે કે ભાજપનું સુત્ર છે કે અમે ખાશું પણ નાના અને ગરીબોને ખાવા દેશું નહી અને આ સમયે મધ્યમવર્ગીય લોકો સ્થિતિ ખુબ જ ગંભીર છે કારણકે કામે જઈ શકતા નથી જીવનજરૂરી ચીજવસ્તુઓ મેળવી શકતા નથી અને બાળકોને ભૂખ્યા જોઈ શકતા નથી તો આવા લોકો હવે શું કરશે એ પણ મોટો સવાલ છે તેથી અમારી માંગણી છે કે જો સરકાર પાસે પૂરતા પ્રમાણમાં અન્ન પુરવઠો હોય તો દરેક લોકોને વિનામુલ્યે ઘરે ઘરે રાશન આપે પછી ભલે ગમે તે કેટેગરીના રાશનકાર્ડ હોય પણ લોકોને રાશન આપવું તે સરકારની જવાબદારી છે.

(વશરામભાઈ સાગઠીયા)

# લોકડાઉનમાં શિક્ષકો કરે છે શું ?

લેખક :નિકેતા વ્યાસ-કુંચાલા

ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીએ દેશમાં ગંભીર પરિસ્થિતિ સર્જાય એ પહેલાં જ લોકડાઉન જાહેર કરી એક દાખલો બેસાડ્યો. સાથે સાથે આમ જનતાનું ધ્યાન રાખવાનું તેઓ ચુક્યા નથી. તેમણે ઘણીબધી રાહતો અને પેકેજ જાહેર કર્યા. લોકડાઉનમાં ઘરે રહેવાનું. તો ખર્ચો કેવી રીતે કાઢવો ? ખાવાનું શું ?આ પાયાના પ્રશ્નો માટે દરેક સંસ્થા પોતાના કર્મચારીને લોકડાઉનના દિવસોનો પગાર ચૂકવે એ આદેશ કર્યો. લોકોને જીવનજરૂરિયાતની વસ્તુઓ મળી રહે તે વ્યવસ્થા ગોઠવી. બીપીએલ રેશનકાર્ડ ધારકો માટે વ્યક્તિદીઠ મફત અનાજ આપવાની જાહેરાત કરી. જેની પાસે રેશનકાર્ડ નથી, જેનું ખોવાઈ ગયું છે, જે પરપ્રાંતીય મજૂરી અર્થે આવેલાં લોકો છે ,એ લોકોનું શું ?આથી આવા લોકો માટે સરકારે અન્ન બ્રહ્મ યોજના અમલમાં મૂકી. જેમાં સરકારી માણસો આવા જરૂરિયાતમંદ લોકોનો સર્વે કરી, તેમને શોધીને સરકાર તરફથી મફત અનાજ અપાવશે. આ માટે ગુજરાતના દરેક જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ બધી જ શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને જોડવામાં આવ્યો છે.

કોરોના મહામારી જેવી રાષ્ટ્રીય આપત્તિમાં કામ કરનાર સહુ એક ઈતિહાસ બનાવી રહ્યાં છે.ડોકટરો, મેડિકલ સ્ટાફ,સૈનિકો, પોલીસ, તમામ સરકારી અધિકારીઓ, સરકારમાં બેઠેલા હોદ્દેદારો જ્યારે ખડે પગે આ મુશ્કેલ પરિસ્થિતિને પહોંચી વળવા પોતપોતાના લેવલે અવિરત પ્રયાસ કરી રહ્યાં છે ત્યારે શિક્ષકો પણ તેમની સાથોસાથ કામ કરી રહ્યાં છે. પરદેશથી આવેલા ક્વોર્નટાઇલ પર્સનને નોટિફાઇડ કરવા, તેમના ઘરની બહાર રેડકોર્નર સરકારી નોટિસ લગાડવી,એમની સાથે સંપર્કમાં આવનારાઓનો સર્વે કરવો, રેશનિંગની દુકાને મફત અનાજ વિતરણ કામગીરીમાં સહાયરૂપ થવું,ઘર વિહોણા અને આધાર વિહોણા જરૂરિયાત મંદોનો સર્વે કરીને તેમના સુધી મફત અનાજ સહાય પહોંચાડવાની કામગીરીમાં જોડાયેલાં લાખો શિક્ષકો અભિનંદનને પાત્ર છે.

રાષ્ટ્રીય કટોકટીમાં સરકારની પડખે ઊભા રહેવા એકે એક શિક્ષક ભાઈ-બહેને પ્રેમથી એક એક દિવસનો પગાર આપ્યો. માત્ર સરકારી પ્રાથમિક શિક્ષક સંઘની જ ફાળાની રકમ તેતાળીસ કરોડ રૂપિયા જેટલી થાય છે.એ સિવાય માધ્યમિક અને યુનિવર્સિટી સ્ટાફ તો ખરો જ.આ સિવાય પણ કંઈ કેટલાય શિક્ષકોએ હજારો અને લાખો રૂપિયા સરકારને દાનમાં આપ્યાં.. કેટલાક શિક્ષકોએ જરૂરિયાત મંદો માટે ફૂડ પેકેટ બનાવવા અને વિતરણ કરવામાં લોકડાઉનના સમયને જીવ્યો છે !!!

× કિસી કી મુસકુરાહટો પે હો નિસાર... કિસી કા દર્દ મિલ શકે તો લે ઉધાર....

કિસી કે વાસ્તે હૈ તેરે દિલ મેં પ્યાર ...જીના ઈસી કા નામ હૈ...!×

દેશસેવામાં લાગેલાં મારા એકે એક શિક્ષક ભાઈ-બહેનને હું વંદન કરું છું.જય ભારત જય શિક્ષક.તા.૩/૪/૨૦૨૦

### કલેક્ટરના જાહેરનામાનો ભંગ

# મોડાસા GIDCમાં આવેલ ખુશી ગેસ એજન્સીમા સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા ગ્રાહકોનું આરોગ્ય જોખમાયું




અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં સતત ચિંતાજનક રીતે કોરોના પોઝિટિવ કેસના આંકડાઓ કૂદકેને ભૂસકે વધી રહ્યાં છે. આજે સમગ્ર દેશમાં લોકડાઉનનો ૧૩ માં દિવસ છે આ સાથે જ હવે ગુજરાતમાં કોરોના પોઝિટીવ દર્દીઓનો આંકડો ૧૪૪ પર પહોંચી ગયો છે.લોકડાઉનની અમલવારી અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા સરકારની વારંવાર અપીલ છતાં રાજ્યમાં અનેક જગ્યાએ લોક જાગૃતિના અભાવે અને ધંધાર્થીઓની યોગ્ય વ્યવસ્થાના અભાવે સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડી રહ્યા છે મોડાસાની જીઆઈડીસી માં આવેલ એચ.પી. ગેસ એજન્સી ના વિતરક ખુશી ગેસ એજન્સીમાં સોશ્યલ ડેસ્ટિનેશનનો અભાવ જોવા મળ્યો હતો પુરવઠા તંત્રએ ગેસ વિતરણ વ્યવસ્થા કરતી એજન્સીને ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તાકીદ કરવામાં આવે તે ખુબ જરૂરી છે

કોરોના વાયરસના કહેર વચ્ચે લોકડાઉનની અમલવારી માટે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસતંત્ર સતત ખડેપગે કામગીરી કરી રહી છે ત્યારે સોશ્યલ ડિસ્ટન્સ રાખવા અપીલ કરાઈ રહી છે પરંતુ લોકડાઉન ની સ્થિતિમાં સોશ્યલ ડીસ્ટન્સની લોકોમાં જાગૃતિ જોવા મળતી નથી બીજીબાજુ ધંધાર્થીઓ પણ લોકડાઉનની સ્થિતિમાં નફો એટલો વકરો કરવામાં મશગુલ બની તેમની અને ગ્રાહકોના આરોગ્ય જોખમ મૂકી રહ્યા છે મોડાસા જીઆઈડીસીમાં આવેલ એચ.પી ગેસ વિતરણની એજન્સી ધરાવતા ખુશી એજન્સીમાં લોકડાઉનના ભય વચ્ચે ગેસ સિલિન્ડર મેળવવા મોટી સંખ્યામાં ગ્રાહકો ઉમટતા એજન્સી બહાર અને કાઉન્ટર પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ગેસ વિતરણ કરતી એજન્સીએ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નિષ્ફળ રહી હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે એજન્સી ધારકે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને કલમ-૧૪૪ ના જાહેરનામાનો ભંગ ન થાય તેની સંપૂર્ણ તાકીદ કરવામાં આવેની માંગ જાગૃત નાગિરિકોમાં ઉઠી છે

અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને પુરવઠા તંત્રના અધિકારીઓએ એચ.પી ગેસ એજન્સી ધારક ખુશી ગેસ એજન્સીને નોટિસ ફટકારી સોશ્યલ ડીસ્ટન્સની અમલવારી કરવા નોટિસ ફટકારી જાહેરનામા ભંગ કરનાર એજન્સી સામે પગલાં ભરવા લોકોમાં માંગ પ્રબળ બની છે

# રામાયણમાં લંકેશની ભૂમિકા અદા કરનાર અરવિંદ ત્રિવેદી પોતે આ સિરિયલ નિયમિત જુએ છે!!!



મોટી ઈસરોલ, તા.૬

સાબરકાંઠાના ઇડર તાલુકાના કુકડીયા ગામના પનોતા પુત્ર,ગુજરાતી ચલચિત્ર જગતના પ્રસિદ્ધ કલાકાર અને પૂર્વ સાંસદ અરવિંદ ત્રિવેદીએ આજથી ૩૨ વર્ષ અગાઉ રામાનંદ સાગર નિર્મિત રામાયણ સીરિયલમાં લંકેશ(રાવણ)ની ભૂમિકા પ્રભાવી રીતે અદા કરી હતી એમના પાત્રમાં હૂબહૂ લંકેશનો જોશ અને ઝૂનૂનને કારણે તેઓ લંકેશ તરીકે લોકોમાં ખ્યાતિ પામ્યા હતા.હાલ તેઓ મુંબઈ ખાતે છે .

કોરોના વાયરસને લઈને વિશ્વ પીડિત છે અને અત્ર, તત્ર,સર્વત્ર જ્યારે કોરોના એનો કેર વર્તાવી રહ્યો છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરતા અને લોકો ઘરોમાં રહીને સમય પસાર કરી રહ્યા છે ત્યારે આ સમય દરમિયાન સવાર-સાંજ બે સમય આ પ્રસિદ્ધ રામાયણ સિરિયલનું પુનઃ પ્રસારણ ચાલુ કરવામાં આવ્યું છે.૧૯૭૮-૭૯માં આ સિરિયલ નહિ જોઈ શકનાર આજની નવી પેઢીને માટે પણ ધર્મ,સંસ્કાર,ભાઈચારો અને પારિવારિક સ્નેહ,મર્યાદાના ગુણોને ઉજાગર કરતી આ આ સિરિયલ નવી પેઢી માટે અણમોલ ભાથું પીરસી રહી છે. સાથે સાથે જેમણે અગાઉ આ સિરિયલ જોઈ છે એવા વયસ્કોને ..મોટેરાઓ..વડીલોને પણ આવા સમયે આ સિરિયલ નિહાળવાનો મોકો મળ્યો છે.સવારે એક કલાક અને રાત્રે ૯ વાગે એક કલાક..એમ રોજ બે કલાક રામાયણ જોવાનો મોકો સૌના માટે અનેરો અનુભવાઈ રહ્યો છે.ત્યારે લંકેશનું પાત્ર ભજવનાર અરવિંદ ત્રિવેદી પણ એકેક હપ્તો એમના ઘરે બેસી નિહાળે છે. સીતાજીનું હરણ કરવા જતાં લંકેશે સાધુવેશ ધારણ કરી ભિક્ષા માગતા આ દશ્યમાં લંકેશ પોતે સાધુ પાત્રને નિહાળતા કેમેરામાં કેદ થયા હતા.ઉલ્લેખનીય છે કે રામાયણ સીરિયલમાં લંકેશનું પાત્ર સુપરે ભજવનાર અરવિંદ ત્રિવેદી પોતાના જીવનમાં ભગવાન રામને ઈષ્ટ દેવ તરીકે પૂજે છે અને એમના પ્રત્યે અનહદ શ્રધ્ધાભાવ ધરાવે છે.ઇડર ખાતેના તેમના નિવાસસ્થાને પણ એમણે ભગવાન શ્રી રામનું મંદિર પોતાના પૂજાકક્ષમાં બનાવી શ્રી રામની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી છે.

# મોડાસા ટાઉન પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલિસકર્મીઓની આરોગ્ય તપાસ



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસ ને લઈને અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ સતર્ક થયું છે હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય ચકાસણીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જે અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા મોડાસા શહેરમાં લોકડાઉનની અમલવારી માટે સતત ખડેપગે રહેતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના કર્મચારીઓના આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.પોલીસ કર્મીઓની અન્ય બીમારીઓ અંગે પણ માહિતી મેળવી હતી હાલ અરવલ્લી જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી ત્યારે તકેદારીના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૦ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા હતા જે તમામ નેગેટીવ આવતા આરોગ્ય વિભાગ હાલ રાહતનો શ્વાસ લઈ રહ્યું છે જેને લઈને આરોગ્ય વિભાગ તકેદારીના ભાગરૂપે સરકારી કચેરીઓના અધિકારીઓ અને આરોગ્યલક્ષી ચકાસણી કરવાના કાર્યક્રમો આયોજિત કરે છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આરોગ્ય વિભાગ દ્વારા પોલીસ કર્મીઓનું આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી જેમાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મચારીઓની થર્મલ સ્કેનિંગ મશીન દ્વારા ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું આ સાથે જ તેઓને થતી તકલીફ વિશે વિશે પણ આરોગ્ય વિભાગે જાણકારી મેળવીને યોગ્ય સારવાર માટે સલાહ તેમ જ દવાઓ આપી હતી.

# ક્રેડાઈ પાટણ ના હોદ્દેદારો અને સભ્યો દ્વારા મુખ્યમંત્રી રાહતફન્ડ માં અપાયું દાન



..ગતરોજ પાટણ ડિસ્ટ્રિક્ટ બિલ્ડર્સ એસોસિએશન ના ચેરમેન હિતેશ.એન.ઠક્કર અને પ્રમુખ દિલીપ પટેલ ની આગેવાની માં સભ્યો દ્વારા પ્રવર્તમાન મારામારી કોવિડ-૨૦૧૯ની લડત સામે લડવાના હેતુ થી જુદી જુદી રકમ ના ચેકો અપાયા હતા.જેમાં એન.એચ.કે.શ્યામ ગ્રુપ તરફથી ૧,૦૮,૦૦૦ અને નાગજીભાઈ દેસાઈ તરફથી ૧૦૦,૦૦૦ તેમજ દિલીપ પટેલઅંબે ડેવલોપર્સદ્વારા ૫૧,૦૦૦તેમજ નીતિન.બી.પટેલ,વિપુલ.પટેલ, રાજુભાઇ દેસાઈ વિગીરે મિત્રો એ અગિયાર હજાર ના ચેકો કલેકટરશ્રી ની અર્પણ કર્યા હતા

ક્રેડાઈ મિત્રો દ્વારા આઠ લાખ જેટલી રકમ અપાઈ.અને સમગ્ર ગુજરાત માંથી ક્રેડાઈ દ્વારા આ મહામારી માટે ૫ કરોડ નું દાન અપાસે તેવુ ક્રેડાઈ પાટણ ના ચેરમેને હિતેશ.એન.ઠક્કરેજણાવ્યું હતું

### મોડાસા શહેરના એટીએમની મુલાકાતે વહીવટી તંત્ર

# લોકોને રૂપિયાની તંગી ના સર્જાય તે માટે ૧૭ થી વધુ એટીએમ ચેક કર્યા




અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં કોરોનાનો કાળો કહેર વર્તાઈ રહ્યો છે આજે સમગ્ર દેશમાં લોકડાઉનનો ૧૩ માં દિવસ છે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર જીલ્લાવાસીઓને જરૂરિયાત ચીજ વસ્તુઓની તંગી ના સર્જાય તેની પુરેપુરી તકેદારી રાખી રહી છે મોડાસા શહેરમાં આવેલ વિવિધ બેંકના એટીએમમાં ગ્રાહકોને રોકડ મળી રહે છે કે નહિ તે માટે વહીવટી તંત્રના અધિકારીઓએ મુલાકાત લીધી હતી જેમાં કેટલાક એટીએમ મશીન બંધ અને રૂપિયા વિહોણા જોવા મળતા જે તે બેંકના અધિકારીઓને સૂચના આપી એટીએમ મશીન તાત્કાલિક કાર્યરત કરવામાં આવેની સૂચના આપી હતી મોડાસા શહેર સહીત જીલ્લામાં આવેલ એટીએમ મશીનોને દરરોજ સેનેટાઇઝ કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે કેશ લેવા જનાર ગ્રાહક કોરોના લઈ ઘરે આવે તો નવાઈ નહિ...?

મોડાસા શહેરમાં નોટબંધી પછી એટીએમ મશીનોને લૂણો લાગ્યો હોય તેમ અનેકવાર કેશ ન હોવાની અને એટીએમ મશીન બંધ રાખવામાં આવતા હોવાની અનેક બૂમો સમયાંતરે ઉઠી રહી છે લોકડાઉનની સ્થિતિમાં લોકોને રૂપિયાની તંગી ન સર્જાય અને આસાનીથી રૂપિયા મળી રહે તે માટે મામતલદાર અરુણદાન ગઢવી, નાયબ મામલતદાર શર્મા અને તેમની ટીમે મોડાસા શહેરમાં આવેલા તમામ એટીએમ મશીનની મુલાકાત લીધી હતી જેમાં ૮ જેટલા વિવિધ બેંકના એટીએમ મશીન બંધ હાલતમાં અને કેશ વિહોણા જોવા મળતા જે તે બેંકના અધિકારીઓને સૂચના આપી તમામ એટીએમ મશીનો કાર્યરત કરવા અને કેશ વિહોણા એટીએમ મશીનોમાં કેશ ભરવા તાકીદ કરી હતી અને બંધ એટીએમ મશીન વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં શરુ કરાવવામાં આવ્યા હતા વહીવટી તંત્રની તપાસમાં અનેક એટીએમ મશીનો બંધ અને કેશ વિહોણા હોવાથી એટીએમ મશીનોમાં ચાલતી લાલીયાવાડી બહાર આવી હતી

મોડાસા શહેરમાં આવેલ વિવિધ બેંકના એટીએમ ખરાખરીના સમયમાં જ ખોટકાઈ જતા હોવાની બૂમો ઉઠતી રહે છે પરંતુ જવાબદાર બેંક અધિકારીઓના બહેરા કાને બૂમો સંભળાતી ન હોવાની ઘટનાઓ સામાન્ય બની હતી ત્યારે વહીવટી તંત્રએ એટીએમ મશીનની મુલાકાત લેતા બેંકના અધિકારીઓ અને કર્મચારીઓમાં દોડધામ મચી હતી



વિશ્વ મા ચાલતી કોરોના માહામાર ના લીધે લોકડાઉન ના સમય મા વિધવા બહેનોને નિરાધાર લોકો ને કિરાણા૪૦ કિટ આપવામાં આવી ને તથા અન્ય લોકો ને ૨૦૦ માસ બાધવા ના આપવામાં આવ્યા ,આ પ્રોગ્રામ ને આયોજન (રાષ્ટ્રપતિ અવૉર્ડ વિજેતા Nss)ગૌતમ મિસ્ત્રી પ્રમુખ ડિઝાયર ફાઉન્ડેશન તથા SSRO સંસ્થા પ્રવિણ ગુર્જૅર, અમર શહીદ બાબા દિપ સિંગ સેવા દલ, leo ચેતન રામી,ઓમ નમો માજીસા ગુપ ,કકુષ્ઠ મિસીગ સેલ બાળ મિત્ર, Elixir foundation, જુ,ની નરેશ કનુડિયા( વિપુલ વાળા) .અજુન જી ઠાકોર, અમરત ભાઈ જીનગર, રાજુભાઈ કછાવા સહકાર આપનાર નો આભાર સિધ્ધરાજ સિહ, વિશાલ સિહ, પીન્ટુ ભાઈ ,

### શ્રમિકોને બાલ-દાઢી માટે વાળંદ ઉપલબ્ધ કરાવ્યો

# મોડાસા મામલતદાર અરુણદાન ગઢવીએ શેલ્ટર હાઉસના આશ્રિતોને અનોખી સેવા

અરવલ્લી બ્યુરો મોડાસા

શહેરોમાં મજૂરી અર્થે ગયેલા લોકો કોરોનામાં થયેલા લોકડાઉનને કારણે પોતાના વતન તરફ પરત ફર્યા છે ત્યારે જે લોકોને આગળ જવાની મંજૂરી મળી નથી તેવા લોકોને અરવલ્લી જિલ્લા તંત્ર દ્વારા શેલ્ટર હાઉસ તૈયાર કરીને રાખવામાં આવ્યા છે જયાં આ લોકોને વહીવટી તંત્ર અને સેવાકીય સંસ્થાઓ રહેવા જમવાની સગવડ પુરી પાડવામાં આવી છે. ત્યારે મોડાસા મામલતદાર અરુણદાન ગઢવી દ્વારા શેલ્ટર હોમમાં રોકાયેલા વ્યક્તિઓને વાળ કપાવવા અને દાઢી કરાવવા માટેની પણ સગવડ પુરી પાડવામાં આવી હતી.

કોરોના વાઈરસે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે. ત્યારે ભારતમાં કોરોના વાઈરસનું સંક્રમણ ન વધે તે હેતુથી સમગ્ર દેશને ૨૧ દિવસના લોકડાઉનમાં મુકી દેવામાં આવ્યો છે. બીજી બાજુ લોકડાઉન જાહેર થતાં શહેરોમાં શ્રમિકોને કામ મળતું બંધ થઈ ગયું હોવાથી પોતાના વતન ભણી પ્રયાણ કરવા લાગ્યા હતા. ત્યારે અરવલ્લી જિલ્લાની સરહદેથી આવા શ્રમિકો માટે આગળ ન જવા દેવા માટે બે શેલ્ટર હોમ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ૧૭૦ જેટલા શ્રમિકોને રહેવા જમવાની સગવડ કરવામાં આવી છે. જેમાં તંત્ર અને સેવાકિય સંસ્થાઓ દ્વારા ઈનડોર ગેમ સહિતની સગવડો ઉભી કરવામાં આવી છે. રવિવારના રોજ મોડાસા મામલતદાર અરૂણદાન ગઢવી દ્વારા શેલ્ટર હોમમાં રહેતા શ્રમિકો માટે તેઓના વાળ કપાવવા તેમજ દાઢી કરવા માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

### અરવલ્લી જિલ્લામાં કાર્યકરોએ પોતાના ઘર ઉપર

# ભાજપના ઝંડા લહેરાવી ભાજપના સ્થાપન દિવસ ઉજવ્યો

મોટી ઈસરોલ, તા.૬

આજે ૬ઠ્ઠી એપ્રિલે અરવલ્લી જિલ્લામાં કાર્યકરોએ પોતાના ઘર ઉપર ભાજપના ઝંડા લહેરાવી ભાજપના સ્થાપન દિવસ ઉજવ્યો હતો.કોરાના વાયરસના કહેરને કારણે દેશભરમાં જ્યારે લોકડાઉન છે ત્યારે કાર્યકરોએ પોતાના ઘરે જ રહી ઘરના ધાબે.. અગાશીએ ચડીને ભાજપનો ધ્વજ લહેરાવ્યો હતો.



અરવલ્લી જિલ્લા પ્રમુખ રણવીસિંહ ડાભી,મહામંત્રી શામળભાઈ પટેલ સહિત જિલ્લાના કાર્યકરોએ પણ પોતપોતાના ઘરે જ રહી સ્થાપના દિવસ મનાવી આજના દિવસની સર્વે.કાર્યકરોને શુભેચ્છાઓ પાઠવી હતી અને કોરાના સંકટમાં સૌને પોતાના ઘરે જ રહેવા અને લોક ડાઉનનું ચુસ્ત પાલન કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના એલાનને શિરોમાન્ય કરી ૨૧ દિવસન ઘરે જ રહેવા સંકલ્પબદ્ધ રહેવા અપીલ કરી હતી.જિલ્લા ભજપના ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, જયેશભાઇ, મહેશભાઈ પટેલ, ભજપના જિલ્લા મીડિયા કન્વીનર પ્રભુદાસભાઈ પટેલ,બક્ષી મોરચા પ્રમુખ ભીખાજી ડામોર,કાર્યાલય મંત્રી દીપકભાઈ પટેલ મોડાસા ભજપના પ્રમુખ ભીખુસિંહ પરમાર,મહામંત્રી રમેશભાઈ પી.પટેલ, અંકિતભાઈ પટેલ સહિત તમામ તાલુકાઓના કાર્યકરોએ પણ પોતાના ઘરે જ રહી ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**

### અરવલ્લી માં

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને લોકોએ વધાવી લીધી ૯ થી ૯.૦૯ મિનિટ સુધી દિવાળી જેવો માહોલ



અરવલ્લી બ્યુરો મોડાસા

વડા પ્રધાન મોદીએ ૯ વાગ્યે ને નવ મિનિટે દીપ પ્રગટવાની અપીલને સમગ્ર દેશે વધાવી લીધી હતી. અરવલ્લી જીલ્લાના લોકોએ ૯ વાગ્યા પહેલાં જ લોકોએ પોતાની ઘરની લાઈટ બંધ કરીને હાથમાં દીવા અને ટોર્ચ સહિત લઈને ઘર બહાર ઉભા રહેતા દિવાળી જેવો અદભુત નજારો જોવા મળ્યો હતો આ સમય દરમિયાન લોકોએ ભારત માતાની જયનાં નારા પણ લગાવ્યા હતા.મંદિરમાં પણ દીપ ઝળહળી ઉઠ્યા હતા દીપ પ્રગટાવા અને લાઈટ બંધ કરવા સુધી તો ઠીક હતું. અને થાળી વગાડવાની જેમ આ વખતે પણ લોકોનો ઉત્સાહ વધારે પડતો હતો. લોકો ફટાડકાં ફોડવા લાગ્યા હતા. ધાબા પર જઈને આતશબાજી કરી હતી. તો લોકોએ ભારત માતાની જય, વંદે માતરમના નારાં પણ લગાવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK